Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA  Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૫ • તા. ૧૮ જુન ૨૦૧૮ થી ૨૪ જુન ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

64 Shree KDO Students Association

## વિદ્યા દાનમ્ સર્વ દાનમ્ પ્રધાનમ્ !

શિક્ષણ પ્રેમી સરસ્વતી શ્રેષ્ઠીશ્રીઓ,

મોંઘવારીના આ મોંઘા કાળમાં શિક્ષણ વેપાર બની જતાં આપશ્રીઓએ વાતની નોંધ લઇ અમને ખોબલે ખોબલે વિદ્યા-દાને આર્થીક મદદ કરતાં અમે બૃહદ મુંબઇ સાથે ભારત ભરના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ક્વોલીટીની અપ ટુ ડેટ નોટબુકોનું વિતરણ કરી શક્યા છીએ. તેમજ ધાર્યા લક્ષોને પાર પાડ્યા છે.

જ્ઞાતિજનોએ અમારી પીઠ થાબડી ઉત્સાહીત કર્યા છે. એ યશ આપને લીધે મળ્યું. આપશ્રીની આ પ્રેરક અને પ્રોત્સાહાજનક દાન વર્ષા એ વિદ્યાર્થી સંઘના અગણીત હાથો સાથે હૃદય પણ ચાર હાથે તાળીઓ પાડી છે !!

આપશ્રીની આ ઉદાર સખાવતે આપની મહાલક્ષ્મી વિદ્યાલક્ષ્મી બનતાં મા શારદાએ વીણા વાદન કર્યું છે. સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ "O" ગ્રેડના પ્રાપ્તકર્તા થયા છે. આપની આ દાન વર્ષા અમારા વિદ્યાર્થી સંઘ પર ચિરંજીવી રહી લહેરથી વરસતી રહે એવી અનંતનાથ દાદાને આરજૂ. આપ સૌનો અંતરપૂર્વક આભાર !!!

જય જિનેન્દ્ર !

**શ્રી હેમિલ જયેશ દંડ** (પ્રમુખ)   **કુ. એકતા ઉદયન લોડાયા** (માનદ્‌મંત્રી)

તથા વિદ્યાર્થીસંઘના સર્વે પદાધિકારીઓ, સંપર્ક સભ્યો અને કાર્યાલય સમિતી




### મુખ્ય શૈક્ષણિક દાતાશ્રી

## માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ (લાખણીયા - નવી મુંબઈ) હસ્તે : ભૂમિરાજ ગ્રુપ

### પ્લેટિનમ શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી | તેરા | માટુંગા |
| શ્રી ચાંપશી માણેકજી શાહ (લોખંડવાલા) | સાંધવ | ઘાટકોપર |
| શ્રી વીરજી લધાભાઈ ટ્રસ્ટ - મુંબઈ (હસ્તે : શ્રી શિવજી કુંવરજી વિકમશી) | રાણપર | લાલબાગ |
| સંઘમાતા દમયંતિબેન રતનશી કુંવરજી લોડાયા | સાંયરા | પુણે |
| શ્રીમતી શોભાબેન લલિત ઠાકરશી નાગડા | નલીયા | ડોંબિવલી |
| શ્રીમતી તારાબેન લલિત વાલજી મોતા | સુથરી | નાશિક |
| શ્રીમતી મનિષાબેન કમલેશ વિશનજી મોતા | સુથરી | ઔરંગાબાદ |
| મે. એચડી ફાયર પ્રોટેક્ટ પ્રા. લિ. | - | થાણા/જલગામ |
| માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ (હસ્તે : શ્રીમતી તેજલબેન રાજેશ શાહ) | મોટી સિંધોડી | સાયન |
| માતુશ્રી જયાબેન મોતિલાલ લોડાયા પરિવાર | મોટી ખાવડી | ઘાટકોપર |
| મે. માયક્રોફિનીશ વાલ્વ્સ પ્રા. લિ. | વરાડીયા | હુબલી |
| મે. યુ.એમ. ખોના એન્ડ કાં. | - | ચેમ્બુર |
| માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા પરિવાર (હસ્તે : કિંજલ બ્યુટી પાર્લર) | મોટી ખાવડી | ઘાટકોપર |
| એક સદ્‌ગૃહસ્થ | - | - |

### ડાયમંડ શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ મુલજી શિયાલ | જખૌ | ઈંદોર |
| સાંધવ રત્ન શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા (મે. એમ.આર.એલ. ગ્રુપ ઑફ કંપનીઝ) | સાંધવ | દાદર |

## ડાયમંડ શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા | રાપરગઢવારી | ભાંડુપ |
| શ્રી મહાવીર સ્પોર્ટસ (હસ્તે : શ્રીમતી નયના અશોક લાપસીયા) | દલતુંગી | મુલુંડ |
| સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા (કલ્પતરૂ રોડલાઈન્સ /અવની પ્રીંન્ટ કેઅર) | વારાપધર | વાપી/ડૉંબિવલી |
| મે. કાંતી કરમશી એન્ડ કાં. (વૅલ્યુઅર) (હસ્તે : શ્રી કાંતી કરમશી વિકમશી) | જખૌ | મલબાર હીલ |
| શ્રી બિપીન પાર્શ્વીર નાગડા (ઈન્શુરન્સ એજન્ટ) | રંગપુર | ભિવંડી / મુલુંડ |
| અમ્બે મા ધરમશી પરિવાર | સુથરી | ચેમ્બુર |
| મે. રામજી દેવશી શાહ એન્ડ કાં. | મોટી ખાવડી | મસ્જિદ બંદર |
| સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| મે. જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કાં. | - | મસ્જિદ બંદર |
| માતુશ્રી સોનબાઈ જેઠાલાલ રાયશી લાપસીયા પરિવાર | દલતુંગી | મુલુંડ |
| શ્રી ચેતન શાંતિલાલ ડાઘા | વરાડીયા | મુલુંડ |
| માતુશ્રી હંસાબેન મણિલાલ ફુરૂવા પરિવાર | ગોધરા | મુલુંડ |
| શ્રી કેડેટ્રાનિક્સ | - | ઘાટકોપર |
| માતુશ્રી હંસાબેન હિરાચંદ પટેલ | બાંઢીયા | ઐરોલી |
| માતુશ્રી ધનકુવર ગોવિંદજી પદમશી લોડાયા જીપી | રવા | ઘાટકોપર |
| માતુશ્રી નવલબેન ખેતશી પોલડીયા (હસ્તે : શ્રીમતી મધુરીબેન કિશોર વિકમશી) | જખૌ | વડાલા |
| શ્રીમતી દેવકાબાઈ મુલજી લખમશી લાપસીયા | રાયચુર/મૈસુર/બેંગ્લોર | |

## ગોલ્ડન શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર | વરાડીયા | મલકાપુર |
| શ્રીમતી તરલાબેન મણિકાંત ધુલ્લા | જખૌ | મુલુંડ |
| શ્રીમતી વિણાબેન સમિત ખોના | જખૌ | વડોદરા |
| શ્રીમતી ચાર્મીબેન પરાગ નાગડા | નલીયા | નેરૂલ |
| શ્રીમતી ભુમિકાબેન ગુંજન શિયાલ | જખૌ | અમેરીકા |
| કુ. ક્રિશા સમિત ખોના | જખૌ | વડોદરા |
| કુ. ખુશી ગુંજન શિયાલ | જખૌ | અમેરીકા |
| શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર (insurancekhoj.com) | સુથરી | મુલુંડ |
| શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ (મોમાયા) | સાંયરા | મુલુંડ |
| શ્રીમતી પિંકીબેન કમલેશ ધરમશી | જસાપર | ભાંડુપ |
| શ્રી પદમશી કાનજી મૈશેરી ચેરીટિબલ ટ્રસ્ટ | રાપર ગઢવારી | - |
| માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર (હસ્તે : શ્રી પુનશીભાઈ લોડાયા) | રાપર ગઢવારી | ઘાટકોપર |
| મે. ટ્રીબો ટુર પ્રા. લી. (બિઝનેસ ટુર) (info@tibro.in) હસ્તે : શ્રી રૂપેન વિકમશી<br>એન્ડ મે. વસંત ક્રિએટીવ (ટ્રેડ ફેર પાર્ટનર) (www.vasant.in) હસ્તે : શ્રી વિપુલ વિકમશી | જખૌ | દાદર |
| સ્વ. માતુશ્રી દમયંતિબેન સનતકુમાર શાહ | મોટી સિંધોડી | સાયન |
| માતુશ્રી કાંતાબેન ગોંવિદજી અજાણી (લોડાયા) પરિવાર | કોઠારા | ઘાટકોપર |
| માતુશ્રી જમકુબેન ચાંપશી લોડાયા | તેરા | મુલુંડ |
| મે. જૉય ગ્રુપ (હસ્તે : શ્રી ભાવિન જયંત ભવાનજી સોની) | સુથરી | જુહુ |
| મે. પ્રાઈમ પ્રાપર્ટી ડેવલેપમેન્ટ કૉર્પોરેશન (હસ્તે : શ્રી પદમશી લઘુભાઈ સોની) | સુથરી | જુહુ |
| મે. ડાઘા ચેરીટિબલ ટ્રસ્ટ કોઈમ્બતુર (હસ્તે : અશોક દામજી ડાઘા પરિવાર) | વરાડીયા | કોઈમ્બતુર |
| માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર | સેવક ભરૂડીયા | મુલુંડ |
| મે. એક્ઝિમ ટ્રાન્સ ટ્રેડ ઈંડિયા પ્રા. લિ. (શ્રી જયેશ ભાગચંદ જૈન) | કોઠારા | મુલુંડ |
| મે. સાઈકલ્પ કન્સન્ટન્સી પ્રા. લી. (શ્રીમતી કલ્પના બંકિમચંદ્ર લાલકા) | લાલા | મુલુંડ |
| મે. જે. કે. બ્રધર્સ (હસ્તે : શ્રી જીતેન નાગડા) | સુથરી | બેલાર્ડ એસ્ટેટ |
| માસ્ટર ઈશાન એન્ડ માસ્ટર અર્જુન વિપુલ લાલકા (હસ્તે : ડૉ. જયંતિ કિશોર લાલકા) | લાલા | મુલુંડ |
| શ્રીમતી ધારીણી દિપક ડાઘા | વરાડીયા | મુલુંડ |
| માસ્ટર મોક્ષ જતીન તરૂણ ધરમશી (મે. ડિલક્સ લૉજીસ્ટીક પ્રા. લિ.) | સુથરી | જુહુ |
| શ્રીમતી ભારતીનબેન ભદ્રીચંદ્ર ભવાનજી દંડ પરિવાર | નલીયા | ડૉંબિવલી |
| માતુશ્રી મધુરીબેન મહેન્દ્ર ડાઘા | વરાડીયા | માટુંગા |
| માતુશ્રી શીતલબેન ભરત હંસરાજ ડાઘા | વરાડીયા | મુલુંડ |
| માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | કોઠારા | વિદ્યાવિહાર/ચાલીસગામ |
| શ્રી શૌર્ય ભાવિન શાંતિલાલ ડાઘા (હસ્તે : હિરાચંદ કેશવજી ડાઘા) | દલતુંગી | ઘાટકોપર |
| શ્રી ચિમનલાલ શામજી નાગડા | નલીયા | મહાલક્ષ્મી |
| માતુશ્રી વાસંતીબેન નવિનચંદ્ર નરશી ખોના | નલીયા | ઘાટકોપર |
| શ્રી લીલાધર નરશી મોટરવાલા (મોમાયા) (હસ્તે : શ્રી નવિનચંદ્ર લીલાધર મોમાયા પરિવાર) | સાંયરા | માટુંગા |
| માતુશ્રી લક્ષ્મીબાઈ દામજી શામજી પોલડીયા | ગોએરસમા | ભુસાવલ |
| માતુશ્રી સુમતિબેન સોમચંદભાઈ દંડ (ઝવેરી) | વરાડીયા | વડાલા |
| માતુશ્રી હીરબાઈ વિરચંદ ગોસર | બાયઠ | ભાંડુપ |
| માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસીયા | દલતુંગી | મુલુંડ |

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 25/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

## સમસ્ત મહાજનની સંપર્ક યાત્રા ફક્ત મહાજનો પૂરતી સીમિત ન હોવી જોઈએ....

આગામી ડિસેમ્બરમાં યોજનાર જ્ઞાતિ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે 'સમસ્ત મહાજન'ના સેક્રેટરી જનરલ અને ટ્રસ્ટીઓ આવતા મહીનાથી મુંબઈ તેમજ દેશાવરના વિવિધ વિસ્તારોમાં વસતા આપણા જ્ઞાતિજનોનો પ્રત્યક્ષ સંપર્ક સાધવા ત્યાંના સ્થાનિક મહાજનોના માધ્યમે સભાઓ યોજશે જે દરમ્યાન પ્રસ્તાવિત સંમેલન માટે જે વિવિધ કાર્યવાહીઓ થવાની છે અને અનેક સમિતિઓની નિમણુંક કરવાની છે તે અંગે વિચાર-વિમર્શ ને સૂચનો-મંતવ્યોના આદાન પ્રદાન દ્વારા, જ્ઞાતિજનોને સંમેલન માટે સક્રિય કરવાનો એક અર્થપૂર્ણ તખતો રચાશે, એટલું જ નહીં પરંતુ સાથે સાથે ટ્રસ્ટીઓને પણ, આ સંમેલનના ત્રણેક દિવસ દરમ્યાન જ્ઞાતિજનોના સમય-શક્તિનો શક્ય તેટલો વધુમાં વધુ સમુચિતપણે વિનિયોગ કરીને સંમેલનની એક પ્રકારની ફળશ્રુતિ સ્વરૂપે જે નિર્ણયો-સંકલ્પો-ઠરાવો પસાર કરવાના હોય તે માટે વિવિધ બેઠકોનું આયોજન કરવાની રૂપરેખા ઘડવાનું પણ સુગમ બની શકશે.

અલબત્ત, શક્ય છે કે, ટ્રસ્ટીઓ અને ખાસ કરીને યુવા સેક્રેટરી જનરલ નિશીથ દંડ, માર્ગદર્શક ટ્રસ્ટી રાજેન્દ્ર ખોના અને યજમાન મહાજનના પ્રમુખશ્રી મુલચંદ લોડાયા આ સંપર્ક યાત્રામાં વિવિધ સ્થાનિક જ્ઞાતિજનો સાથેની સભાઓ ફક્ત ઔપચારિક સ્વરૂપની ન બની રહે અને એકવાર સભા યોજાયા પછી ફરીથી ફક્ત સંમેલન વખતે જ મુલાકાત થાય અને સંમેલન માત્ર હળવા-મળવાનો સમારંભ ન બની જાય પરંતુ આ સભાઓ દરમ્યાન અને તે પછી ત્યાંના સ્થાનિક જ્ઞાતિજનો અન્ય વિસ્તારોના જ્ઞાતિજનો સાથે અપ્રત્યક્ષ રીતે પણ સતત સંપર્કમાં રહીને સમગ્ર જ્ઞાતિના વિશાળ પરિપ્રેક્ષ્યમાં વિચાર-ચિંતન કરે તે પ્રકારનું સામીપ્ય સંમેલન પૂર્વે જ આખી જ્ઞાતિમાં અનુભવાય તે માટેની નક્કર કાર્યસૂચિ ઘડી કાઢશે અને પ્રસ્તાવિત સંમેલનને એક નાવિન્યપૂર્ણ પરિભાષા આપીને, ભવિષ્યમાં જ્ઞાતિજનો પોતપોતાના ક્ષેત્ર-વિસ્તાર પૂરતા જ મર્યાદિત વિચારણા કરવાને બદલે આખી જ્ઞાતિને એક સુગ્રથિત એકમ તરિકે વિચારે અને સંમેલન પછી પણ આવનારા વર્ષોમાં આ એકસૂત્રતા ઉત્તરોત્તર ઘનિષ્ઠ બનતી જાય, તે માટે તેઓ કૃતનિશ્ચયી હશે જ અને ટૂંક સમયમાં આ રીતે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ તરફથી જ્ઞાતિજનોને એક નવો તાજગીપૂર્ણ સંદેશ મળે તે પણ સંભવ છે.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ હવે આગામી મહીનામાં જ્ઞાતિજનોનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક કરવાની પૂર્વ તૈયારી કરી રહ્યા છે તે માટે તેઓ સ્થાનિક મહાજનોને અનુલક્ષીને જ સભાઓ પૂરતા કાર્યક્રમો ગોઠવવાને બદલે, ખાસ કરીને જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો સાથે પણ અલગ અલગ સભાઓ યોજે એ ખૂબ જ જરૂરી છે.

આમ મુંબઈની સાતેક શૈક્ષણિક સંસ્થાઓ, વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ, ખેતસી ચત્રભોજ અજાણી વિદ્યાલય, રાયચંદ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*હંસરાજ ધરમશી ટ્રસ્ટ, વિદ્યાર્થી સંઘ, જામનગરમાં માતુશ્રી મોંઘીમા નાગરસી દેવાણી કન્યા છાત્રાલય, ધુલિયામાં જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી વિદ્યાર્થીગૃહ, ગદગમાં ક.દ.ઓ. જૈન ઈંગ્લીશ મિડીયમ સ્કુલ તેમજ અન્ય સક્રિય શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો સાથે, સંમેલનમાં સવિશેષ અર્થપૂર્ણ નક્કર કાર્યવાહી થઈ શકે તે માટે, વિચાર વિમર્શ કરવાની કાર્યસૂચિ પણ સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓની આગામી સભાઓમાં ઉમેરાશે તો સંમેલનને એક ઓર સુભગ પરિમાણ મળી રહેશે, ખાસ કરીને આ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને સંચાલકો જેઓ મોટે ભાગે જ્ઞાતિના રાજકારણમો ગતિવિધિઓથી ઓછા પરિચિત છે તેઓ પણ સંમેલનમાં ઉપસ્થિત રહીને સમગ્ર જ્ઞાતિજનોના સાનિધ્યમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટેની પોતાની દૂરદષ્ટિનો અને પરિકલ્પનાનો વ્યાપ અધિક વિસ્તારીત કરી શકશે તે હેતુ પણ સાધી શકાય.*

– રા.


॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

આયોજીત **સમુહ લગ્ન – ૨૦૧૮**

તા. ૦૯-૧૨-૨૦૧૮ના સમૂહ લગ્ન કચ્છમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓને ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

સંપર્ક : પ્રબોધ મુનવર (ભુજ) – 9925169876, હેમંત મોતા (લોનાવાલા) – 9370710891, અરવિંદ લોડાયા (ગાંધીધામ) – 9825634649, વિરચંદ ખોના (વાશી) – 9870989005, ચંદ્રેશ છેડા (રાયપુર) – 9425213540, વિરેન્દ્ર લોડાયા (મુંબઈ) – 9821073830, ચંદ્રેશ લોડાયા (અમદાવાદ) – 9824014947, શાંતિલાલ લોડાયા (વડોદરા) – 9824012971, લક્ષ્મીચંદ દંડ (ખંડવા) – 9977550110, ચેતન (કોચીન) – 9846268777, લહેરચંદ લોડાયા (હૈદરાબાદ) – 9246531066, કુસુમકાંત લાલકા (ડોંબિવલી) – 9323961617, કિરણ દંડ (મુલુંડ) – 9833808244

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

કિરણ દંડ પ્રબોધ મુનવર

# વહીવંચા અને આપણો ઈતિહાસ

## ધરમસી ગોત્ર

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

**આપણી જ્ઞાતિના ઈતિહાસ પ્રવાહ અંગે ઉંડુ સંશોધન કરી રહેલા રમેશભાઈની કલમે આ પહેલા પણ જ્ઞાતિ તવારિખની રસપ્રદ લેખશ્રેણી પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થઈ ચૂકી છે. વાચકોમાં સમુચિત પ્રશંસા પામી છે. તેમના દ્વારા થયેલ વિશેષ સંશોધનની સામગ્રી હવે આ નવી શ્રેણીમાં સાભાર પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.**

ધમરસી ગોત્ર અંગે જ્ઞાતિ ઈતિહાસકાર શ્રી જેઠાભાઈ દેવજી નાગડા, શ્રી 'પાર્શ્વ' કે કુલીનકાંત શ્રી ભોજરાજ લોડાયા વિશેષ માહિતી આપી શક્યા નથી. તેઓનું તારણ આ ગોત્ર કોઈ પુરુષનાં નામ પરથી પડ્યું હોઈ શકે છે અને રાઠોડ વંશનું ગોત્ર વધે છે એટલું છે.

તાજેતરમાં ધરમસી ગોત્રની પ્રાચીન વહી પ્રાપ્ત થયેલ છે જે આ ગોત્ર ઉપર વધારે પ્રકાશ પાડે છે. આ વહી પ્રાચીન વહી પરથી સં. ૧૯૫૩ ભાદરવા સુદ ૫નાં (૧૨૨ વરસ પહેલા) ઉતારવામાં આવી છે. સામાન્ય રીતે દેશી રોજમેળ ટાઈપના બે ભાગનાં ચોપડામાં ઉપરનાં ભાગમાં ક્યા ગામનાં ક્યા વડિલની વંશાવલી નીચેના ભાગમાં આપી છે તેની વિગત તેમજ આ પુરુષનાં પરિવારના સભ્યોના જન્મ-લગ્ન-મરણ તેમજ કરેલ ધાર્મિક - સામાજીક કાર્યોની વિગત હોય છે. વહીની શરૂઆત ગોત્રની ઉત્પત્તિ, મૂળ ગોત્રની વિગત હોય છે.

કમનસીબે જુની વહીમાંથી નવી વહીમાં ઉતારો કરતી વખતે આવી પ્રાચીન નોંધો ઉતારવામાં આવી નથી અને માત્ર વંશાવલી વહીના બન્ને ભાગમાં નોંધી છે. પાના બચાવવા અને ઓછું લખવું પડે તે માટે આવું બન્યું હોઈ શકે છે. વહીવંચાઓ એ કાળે ઓછા ભણેલ હતા અને ભણેલા વહીયા પાસે વળતર આપી નવો ચોપડો બનાવતા. ઓછા ખરચ માટે કદાચ પરિવારની વિગતો નહી ઉતારવામાં આવી હોય તેવું શક્ય છે. પરંતુ તેમ થવાથી આ ગોત્રનાં પૂર્વજોની ઘણી માહિતી અપ્રાપ્ય થઈ ગઈ છે. નવી વહી બનાવ્યા બાદ જુની વહીને નદીમાં પાણીમાં તારવામાં આવતી તેથી મળવી શક્ય નથી. વહીવંચાની વહીઓ આપણાં પૂર્વજોનો ઈતિહાસ પ્રાપ્ત કરવાનું અગત્યનું અંગ રહ્યું છે.

આ વહીમાં ઉત્પતિ અંગે કોઈ વિગત નથી. વહીની શરૂઆત 'શ્રી ગણેશાય નમઃ શાખ ધરમશી રાઠોડાણી, રમણલ ધરમસીઆણી, કાંયુ રણમલાણી, ઉદો (ઉદેશી) કાયાણી, આસણાંધ ઉદાણી, હેમુ આસણાઘાણી' થી થાય છે. રણમલનાં વંશની એક પછી એક પુરૂષની વંશાવલી આવે છે. ત્યારબાદ રણમલના અન્ય ભાઈઓનાં પરિવારની વિગત છે. જે પરથી જાણી શકાય છે કે ધરમસિંહ (ધરમસી) નામનાં પુરૂષ પરથી આ ગોત્ર રાઠોડ વંશનાં અન્ય ગોત્રમાંથી છુટું પડ્યું છે. રણમલ, આસદે, નાગયાર, નરપાર અને ઓભાઈયા નામનાં ધરમસીનાં પાંચ પુત્રોનો આ પરિવાર છે.

શરૂઆતમાં આવતું રાઠોડાણી નામ આ રાઠોડવંશની શાખા હોવાની પુષ્ટિ કરે છે. પુરાણો પ્રમાણે ભગવાન આદિનારાયણે સૃષ્ટિ રચી અને બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને બ્રહ્માએ મનસ્વી સૃષ્ટિ રચી ૧૦ માનસપુત્રો રચ્યા-મરીચ, અત્રી, અંગીરા, પુલત્સ્ય, પુલહ, કૃતુ, ભૃગુ, વશિષ્ઠ, દજા અને નારદ થયા જે ઋષિકુળ તરીકે ઓળખાયા. શરૂઆતમાં દરેક ગોત્ર ઋષિનાં નામ પરથી ઓળખાનું. મરીચનાં કશ્યપ તેના સૂર્યથી સૂર્યવંશ શરૂ થયો. આદિનારાયણથી ૬૯મી પેઢીએ ભગવાન રામ થયા. તેનાં પુત્ર લવ મતાંતરે કુશથી રાઠોડવંશ શરૂ થયો. ભગવાન નારાયણથી ૨૭૪મી પેઢીએ કહોચંદ્ર રાઠોડ થયો જેણે વિક્રમનાં પાંચમાં સૈકામાં કનોજ મેળવ્યું. આગળ જતાં ૩૧૨મી પેઢીએ જયચંદ રાઠોડ થયો તેને મહમદ ઘોરીએ હરાવ્યો. જયચંદની ૪થી પેઢીએ રાવ સીયાજી થયો તેણે મારવાડમાં રાજ્ય સ્થાપ્યું. ત્યારબાદ રાઠોડો ઈડર, જોધપુર, મંડોર, બિકાનેર, રતલામ, પાલી વગેરે વિસ્તારમાં ફેલાયા. રાઠોડ વંશમાંથી અનેક શાખાઓ નીકળી. ઓસવાલોની લોડાયા, લાપસીયા, ધરમસી, સંગોઈ, ચુરલા, કકકા, ગંગર, ભેદા આદિ શાખાઓ રાઠોડ વંશની છે. રાઠોડ વંશની જુદી જુદી શાખાઓને જૈનાચાર્યોએ સમયાંતરે પ્રતિબોધી જૈની બનાવી ઓસવાલમાં ભેળવી દીધા. મારવાડમાં પણ રાઠોડની અનેક શાખાઓ છે.

વંશાવલી જોતા ધરમસી ગોત્ર ૩૫૦ થી ૪૦૦ વરસ જુનું ગોત્ર ગણી શકાય. વંશાવલીનું પ્રથમ ગામ કોઠારા આવે છે. જે આ ગોત્રનાં વરસાટનાં મૂળ ગામનો નિર્દેશ કરે છે. આગળ જતાં મેગરાજ માણેકનો પરિવાર તેરા થઈ જખૌ વસ્યો તેવી નોંધ છે. આગળ જતાં ધરમસી ગોજર (ગુર્જર) કહેવાય છે તેવી નોંધ છે. ગામ તેરેવારા-વડસરવારા રામદે વેરસીનો પરિવાર જખઉ છે તેવી નોંધ છે.

કચ્છમાં જૈનો બે રસ્તેથી આવ્યા છે. (૧) સિંધ-થરપારકરમાંથી વાગડ થઈ જે કચ્છી જૈન તરીકે ઓળખાયા, (૨) ગુજરાત, સૌરાષ્ટ્રમાંથી આવ્યા તે ગુર્જર તરીકે ઓળખાયા. મારવાડથી થોડા ઓસવાલો થરપારકર/સિંધ તરફ વળ્યા તો થોડા અણહીલપુર પાટણ (એ કાળે ગુજરાતની રાજધાની) થઈ ગુજરાતમાં વસ્યા. કાળક્રમે તેમાંથી થોડા કચ્છ તરફ આવ્યા. વહીવંચાની આ નોંધ ધરમસીઓનું કચ્છમાં આગમન ગુજરાત તરફથી થયું હોય તેવો નિર્દેશ કરે છે.

# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશનની ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

**વર્તમાન કાર્યાલય :** C/o. દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ), મુંબઈ-૪૦૦ ૦૮૦. સંપર્ક : **8767753082** ઈમેલ : **kdosss@yahoo.in**

## ૨૮-૨૮ વર્ષથી જ્ઞાતિની સેવામાં

### યોજના

૦ થી ૫૩ વર્ષ દરમ્યાન એક જ વખત રૂ. ૨૦૦૦/- ડીપોઝીટ તથા રૂ. ૨૦૦/- સભ્ય ફી ભરી મેમ્બર બનો. ૫૫ વર્ષની વય સુધી રૂ. ૭૫,૦૦૦/-ના જીવન વિમાનું કવચ તથા રૂ. ૭૫,૦૦૦/- સુધી અકસ્માત વિમાનું કવચ મેળવો અને ૫૫ વર્ષની વય બાદ ડીપોઝીટની રકમ બોનસ સહીત પરત મેળવો.

### આંકડા બોલે છે

અત્યાર સુધી ૧૧,૦૦૦ થી વધુ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. ૨૭૦૦ થી વધુ ૫૫ વર્ષે રીટાયર થતા તેમને બોનસ સહીત ડીપોઝીટ પરત કરાઈ છે. ૩૦૦ થી વધુ સભ્યો ૫૫ વર્ષની વય પહેલાં અવસાન પામતા તેમના નોમીનીને ઉચીત રકમ ચૂકવાઈ છે.

### સંસ્થાનું સંચાલન

એસોસીએશનની જનરલ બોડી, મેનેજીંગ કમીટી તથા ઓફીસ બેરર્સ દ્વારા સંચાલન થાય છે. જ્ઞાતિના સેવાભાવી યુવા કાર્યકરોને આ સંસ્થાના સંચાલનમાં જોડાવવા ખાસ આવાહન છે. વોટ્સએપ કે ઈમેલથી સંપર્ક કરો જેથી આપને જરૂરી ફોર્મ તથા માહિતી મોકલી શકાય. હજુ ઘણા જ્ઞાતિજનોએ આ યોજનાનો લાભ નથી લીધો તો જ્ઞાતિ સેવા માટે સંસ્થાના સંચાલનમાં જોડાઈ સક્રિય સાથ સહકાર આપવા અરજ છે.

## વિશેષ માહિતી

૧) સભ્ય ૫૫ વર્ષે રીટાયર થતા ત્રિમાસિક ધોરણે તેમને ચેકથી બોનસ સહીત ડીપોઝીટ પરત કરાય છે.

૨) સભ્યના અવસાનની માહિતી મળતાં નોમીનીનો સંપર્ક સાધી, જરૂરી ડોક્યુમેંટો મેળવી ક્લેઇમ રકમ ચૂકવવામાં આવે છે.

૩) ઘણા જૂના સભ્યોએ પોતાના નોમીનીના નામ, કુમારીકા લગ્ન બાદ પોતાના નવા નામ, સરનામા ફેરફાર વગેરે માહીતી મોકલતા નથી. આવા સભ્યોએ સંપર્ક સાધવા વિનંતી છે.

### વર્તમાન ઓફીસ બેરર્સ

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : **શ્રી દીપક ગંગાજર ડાઘા** | મુલુંડ | - **8767753082** |
| ઉપપ્રમુખ | : **શ્રી શરદ હેમરાજ મોમાયા** | હુબલી | - **9448116002** |
| સેક્રેટરી | : **શ્રી રમેશ હીરજી લોડાયા** | ડોંબિવલી | - **9892003940** |
| જો. સેક્રેટરી | : **શ્રી સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા** | ગદગ | - **9845258214** |
| ખજાનચી | : **શ્રી કાંતીલાલ લખમશી વિકમશી** | મુલુંડ | - **9333068881** |

**વાર્ષિક સામાન્ય સભા : રવિવાર, ૧૯-૮-૨૦૧૮ - મુલુંડ (મુંબઈ)**

આગળ જતાં ધરમસી તેરેવારા-ગોએરવારા-ખાવડી હતા હવે સાંધવ છે એવી નોંધ મળે છે. ડોસા થારીયાણી નામનાં પુરૂષની પાછળ માતા સારબાઈ સતિ થયા એવી નોંધ છે. રાજપૂતિ સતિ થવાનો રિવાજ આપણી જ્ઞાતિમાં પ્રવર્તતો હતો અને મોટા ભાગનાં આપણાં ગોત્રમાં સતિ થયાના ઉલ્લેખો મળે છે.

કોઠારાવારા નરદે રણસીનો પરિવાર કોઠારેથી સોરઠમાં ખારેચીયા થઇ ગોરખડી વસ્યો તેવો ઉલ્લેખ છે. ગોરખડીથી હીરજી નરદે પરિવાર ફરી કોઠારે આવી ગયો અને તેથી એમની છાપ હાલાઇ તરીકેની પડી. વરસંગ તથા ખેરાજ નરદે ગોરખડીથી ભરૂડિયે આવી વસ્યા. વડિલો પાસે સાંભળવા મળેલ કે આ પરિવારના કોઇ વડિલને ઝેર આપી મારી નાખવામાં આવેલ તેથી ગોરખડી છોડ્યું. પુંજા નરદેનો પરિવાર ગોરખડીથી પાલીતાણા આવી વસ્યો.

તેજો પોનરાજાણી પોડસો થયો છે. ગામ મંજલમાં કોઠારાથી એક પાંખડી સાંયરે ગઇ છે. અન્ય એક પરિવાર કોઠારેથી વડસર થઇ ગોએરસમા તથા લુણી વસ્યો. કાંયા નરસીનો પરિવાર કોઠારેથી સુથરી વસ્યો છે.

કોઠારાથી એક પરિવાર તેરા થઇ હાલારમાં જામ જોધપુર વસ્યો. વીસર વીરમ જામ જોધપુર હતા. એમના વંશજો જોધપુરથી ગોરખડી આવી વસ્યા. ધરમસી ગોત્રની થોડી પાંખડીઓની વંશાવલી નીચે મુજબ છે.

(૧) કોઠારા : નયન-કેતક-લક્ષ્મીચંદ-વસનજી-ડોસા-હરપાર-વીરમ-માલદે-દેવન-પચાણ-વેંઝાણી-હંસરાજ-ભાયાંણી-રણમલ-હેમાણી-આસણાંધ-ઉદેસી-કાંયુ-રણમલ-ધરમસીઆણી.

(૨) સુથરી : સમીર-રાજેશ-છગનલાલ-વિસનજી-દેવસી-ખીંયસી-આણંદ-વિસર-જેતસી-જગમાલ-રાઘવ-હરધોર-સારંગ-પુનસી-લખીયાણી-નરપાર-ધરમસીઆણી.

(૩) કોઠારા : પ્રણવ-ધર્મેન્દ્ર-મહેન્દ્ર-માણેકજી-ઘેલા-દેવસી-લખમસી-પુનશી-ઘેલા-પુંજા-ડુંગર-કાનુ-વીરધોર-ડાહ્યા-હેમાણી-આસણાંધ (આગળ નં. ૧ મુજબ)

(૪) કોઠારા : જુગલ-જયેશ-ભાગચંદ-દામજી-કાનજી-વેરસી-રાઘવજી-સવરાજ-દેવસી-મેગરાજ-સોમાણી-સરીપાર-ગોવણાંધ-ગલયા-જીવાણી-આસદેઆણી-ધરમસીઆણી.

(૫) સુથરી : હેમાંગ-રાયચંદ-હંસરાજ-ડોસા-ગંગાજર-ખેતસી-થારીયાણી-ગણસી-દેવસી-ધનથાર-રાજપાર-મણસી-પાલણ-કાંયાણી-નરસી-માડણ-આસદેઆણી-ધરમસીઆણી.

(૬) ગોરખડી : જયંતીલાલ-વીરજી-દેવજી-ગોવર-રામદે-વીસર-વીરમ-ઉદેસી-સોમસી-ધીરણ-નાગસી-આસપાર-ખીંયા-માડણ-આસદેઆણી-ધરમસીઆણી. **- ક્રમશઃ**

(**તંત્રી નોંધ** : ઉપર ક્રમાંક (૫) પર ઉલ્લેખેલ ગંગાજર ખેતસીના ભાઈ ઠાકરસી (ખેતસી)ના વંશજોમાં હાલ વિદ્યમાન ૮૩ વર્ષીય વીરચંદભાઈ કલ્યાણજી (જેવત-ઠાકરસી-ખેતસી) આ બંને કુટુંબોના વંશજોમાં સૌથી જયેષ્ઠ હયાત સભ્ય છે. વિદ્વાન સંશોધક વીરચંદભાઈ આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટું આદરણીય નામ છે, ૫૫ વર્ષોથી ખાસ કરીને પુરાતત્વ, એક્ષેપોલોજી, સિનેમા, નાટક, સાહિત્ય, કલા, ઇતિહાસના ઊંડા અભ્યાસી જીવ છે. ૧૯મી સદીના આપણા દેશના પુરાતત્વવેના ભગવાનલાલ ઇંદ્રજીના જીવન સંદર્ભે અથક પરિશ્રમ અને ચીવટથી સંશોધન કરીને વીરચંદભાઇએ લખેલ પુસ્તક, ભગવાનલાલ ઇંદરજી : 'ધી ફર્સ્ટ ઇન્ડીયન આર્કિઓલોજીસ્ટ' આંતરરાષ્ટ્રીય સ્તરે ભરસક પ્રશંસા અને સ્વીકૃતિ પામ્યું છે. તેઓશ્રી અપણી જ્ઞાતિના એક અમૂલ્ય વીરલરત્ન છે.)

## 'વૉટ્સ ઍપ'એ કરાવ્યાં ૨૦૦૦ જૈન યુગલોના લગ્ન

જૈનો ખાસ કરીને દેરાવાસી જૈનોનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં લગ્ન થાય અને એ લગ્ન ટકી રહે એ માટે એક નવતર ડિજિટલ કૉન્સેપ્ટ ગોવાલિયા ટૅન્કનાં દેરાવાસી જૈન ફૅશન ડિઝાઈનર અને કાઉન્સેલર નિશા દીપેશ શાહે તૈયાર કર્યો છે.

નિશાબહેને 'મન મિલાપ' નામનું એક વૉટ્સ ઍપ ગ્રુપ બનાવ્યું છે. નામ એવા ગુણ પ્રમાણે જે યુગલોનાં મન મળી જાય તેમને જ લગ્નગ્રંથિથી જોડાવું એવો તેમનો કૉન્સેપ્ટ સફળ થયો છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૦૦ જૈન યુગલો લગ્નગ્રંથિથી જોડાયાં છે અને આશ્ચર્યની વાત એ છે કે એમાંથી એક પણ લગ્ન છૂટાછેડામાં પરિણમ્યું નથી. તાજેતરમાં જ સફળ લગ્નોની આ 'ડબલ સેન્ચ્યુરી'ની ઉજવણી કરવા એક સમારોહ પણ યોજ્યો હતો.

આ વૉટ્સ ઍપ ફ્રેન્ડશીપ ગ્રુપની વિગતે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે લગ્નજીવનમાં પ્રથમ દાયકો કસોટીનો હોય છે. જો એ પાર કરી ગયા તો સંઘ કાશીએ પહોંચી જાય, પરંતુ માટે યુવક-યુવતીએ એકબીજાના વિચાર, ગમા-અણગમા જાણવા જરૂરી છે. વૉટ્સ ઍપના માધ્યમથી લગભગ બે મહિના સુધી એક બીજા સાથે ચેટ કર્યા બાદ જો બન્ને જણને લાગે કે અમે એકબીજા માટે યોગ્ય છીએ પછી મુલાકાતોનો દોર શરૂ થાય. યુવક-યુવતી એકબીજાના ઘરે જાય, પરિવારજનોને મળે, પછી બહાર મુલાકાત કરે અને તેમને લાગે કે ''જીવનનૈયા'' પાર લાગે જશે ત્યારે જ લગ્ન માટે આખરી નિર્ણય લેવાય છે. આ પ્રક્રિયા લગભગ ચાર મહિનાની હોય છે ત્યાં સુધીમાં યુવક-યુવતી બન્નેને પાકો અંદાજ આવી જાય કે પાત્ર પોતાના માટે યોગ્ય છે કે નહીં?

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪


## ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, દ્વારા એક સભા

સર્વે જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું જે આપણી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન નલિયા મુકામે તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર-૨૦૧૮ ના રોજ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે આયોજીત થઇ રહ્યું છે.

ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને અન્ય મુખ્ય સંસ્થાઓના પદાધિકારીઓ કે ટ્રસ્ટીશ્રીઓ અને સમસ્ત મુંબઈના જ્ઞાતિજનો તથા સમસ્ત મહાજનના અધિકારીઓ એવમ ટ્રસ્ટીઓ સાથે ચતુર્થ જ્ઞાતિ સંમેલનની સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવા મુંબઈ મહાજનશ્રી દ્વારા એક સભા આયોજીત કરવામાં આવેલ છે. આપ સર્વેની હાજરી અનિવાર્ય છે.

**સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ૧૦૭, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.**

**તા. ૦૭-૦૭-૨૦૧૮ને શનિવાર સાંજના ૬.૩૦ વાગેથી સભા**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

---

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયા

### શ્રી નલીયા તીર્થે પર્યુષણ પર્વની આરાધના માટે આમંત્રણ

**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની આજ્ઞાથી આપણને આ વર્ષે **પ.પૂ. સાધ્વી મ. શ્રી જયકિર્તીશ્રીજી મ.સા.**નું ચાતુર્માસ મળેલ છે.

પર્યુષણ પર્વ શ્રાવણ વદ ૧૩, **ગુરૂવાર તા. ૬-૯-૨૦૧૮** થી ભારદવા સુદ ૫, **ગુરૂવાર ૧૩-૯-૨૦૧૮** સુધી છે. અતઃ આપશ્રી સૌ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પર્વ પર્યુષણની આરાધના કરવા આમંત્રણ આપીએ છીએ. સંઘના રસોડે પર્વ દરમ્યાન ત્રણે વખત સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરાયેલ છે. રહેવા માટે અગાઉથી જણાવશો કે જેથી ઉતારાની વ્યવસ્થા થઇ શકે. વધારે જણ થશે તો સામૂહિક ઉતારાની વ્યવસ્થા થશે તેની નોંધ લેશોજી. આપના આવવાનો કાર્યક્રમ નલીયા ઓફિસે ફોન નં. **02831-222337** (ભાવેશ)ને જાણ કરવા વિનંતી.

**લી. ટ્રસ્ટીગણ**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા**

## ૨૧મા સદીમાં પ્રભુની વાણી

**– પ્રવીણ લોડાયા,** વડાદેરા

ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૃથ્વીપર ૩૬૦૦૦ પ્રશ્નો પુછયા હતા. પ્રભુએ બધા પ્રશ્નોના જવાબ આપીને ગૌતમ સ્વામીનું સમાધાન કર્યું હતું.

આજે ફરી ગૌતમસ્વામીએ સિધ્ધક્ષેત્રમાં પ્રભુને પ્રશ્ન પુછયો. હે પ્રભુ, અત્યારે પૃથ્વી પર પૈસા માટે જે દોટ ચાલી રહી છે તે જોઇને એમ લાગે છે કે લોકો ધર્મ અને આત્માને ભુલી રહ્યા છે અને મોક્ષની ખેવના હવે કોઇને રહી નથી. એક વખત ફરી આપ પૃથ્વીપર અવતાર લઇને લોકોને પ્રતિબોધ કરો એવી વિનંતી કરૂં છું.

પ્રભુએ કહ્યું હે, ભંતે, નિરંજન નિરાકાર થઇ ગયા પછી અવતાર લઇ શકાય નહીં. આજના પૃથ્વીલોકના માનવીઓ મોબાઇલ, લેપટોપ વિગેરેમાં આવતા વોટસ્એપ, ફેસબુક, ટવીટર થકી બહુ હોશિયાર થઇ ગયા છે. એમના માટે અવતાર લઇ શકાય નહીં. હા, તારી ઇચ્છા છે એટલે એક વખત ઉપદેશ આપી શકીશ. એના માટે તૈયારી કર.

ગૌતમ સ્વામીએ પૃથ્વીપર રહેતા એમના શિષ્યો દ્વારા ક્રોસ મૈદાન, મુંબઇમાં સમવસરણ બનાવીને તૈયારી કરી.

પ્રભુ પૃથ્વીપર પધાર્યા. ક્રોસ મેદાનમાં લાખો કરોડોની સંખ્યામાં ભક્તો આવ્યા. પ્રભુએ પોતાની લાક્ષણિક શૈલીમાં બે કલાક પ્રવચન આપીને લોકોને મંત્રમુગ્ધ કર્યા. સાંભળો એમની વાણી....

મહાનુભાવો, સચરાચરમાં ઇશ્વર એક જ છે. એક જ પરમતત્વ છે. માનવી કોઇ પણ હોય અમેરિકન હોય કે જાપાની, પાકિસ્તાની હોય કે ભારતીય હોય. એની અંદર એ જ ચૈતન્ય છે જે વિશ્વવ્યાપી છે. આના માટે ભક્તિ જોઇએ. શ્રધ્ધા જોઇએ એવી શ્રધ્ધા કે મારો ઈશ્વર આખા જગતનો ઇશ્વર છે.

ગીતાનો પરમેશ્વર કૃષ્ણ હોય કે ઇસ્લામનો ખુદા કે ખ્રિસ્તી ગોડ હોય બધા એક જ છે. તમે એવી કલ્પના કરી શકો કે ભગવાન કૃષ્ણ ફક્ત ભારતની જ ટેરિટેરી સંભાળતા હશે, હું શું ફક્ત બીહાર, રાજસ્થાન, ગુજરાતની જ ટેરિટેરી સંભાળતો હતો. ગૌતમ બુધ્ધ બર્મા, શ્રીલંકા કે જાપાનની જ ટેરિટરી સંભાળે છે તેવીજ રીતે ઇસ્લામના ખુદા કે ઇશુ ખ્રિસ્ત ફક્ત મુસ્લિમ કે ખ્રિસ્તી દેશો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે, એવું તો ભલભલા કટ્ટર મુસ્લિમો કે ખ્રિસ્તીઓ પણ નહીં વિચારી શકતા હોય.

જગતમાં જે કાંઇ છે અને જે કોઇ છે એ જો પરમતત્વની જ અભિવ્યક્તિ હોય તો ભિન્નતા ક્યાં રહી ? હા, દેખીતી ભિન્નતા સ્પષ્ટ છે. દેશો અલગ છે, સમાજો અલગ છે, માન્યતાઓ અલગ છે, ધર્મો અલગ છે, માણસો અલગ છે પરંતુ સરવાળે તો બધું જ એક જ ચૈતન્યમાં સમાયી જાય છે. જે ચેતના મારી અંદર છે એ જ ચેતના તમારી અંદર છે એવું તો સમજી શકાય તો મારા-તમારા વચ્ચેનું માનસિક અંતર ઘટાડી શકાય.

સોરી, આ ઉપદેશ મેં ૨૫૦૦ વર્ષ પહેલાં આપ્યો હતો. હવે તો વોટસએપ પર આવા બધા ઉપદેશો આવ્યા કરે છે. તમારૂં કામ પાલન કરવાનું નથી. પણ બીજાઓને ફોરવર્ડ કરવાનું છે એનાથી જ તમે આનંદમાં રહી શકો છો.

એકવીસમી સદી માટે મેં નવી આચારસંહિતા ઘડી છે, નવું 'આચારાંગસૂત્ર પાર્ટ ટુ' બનાવ્યું છે તેનું પાલન કરવાનું છે.

પ્રથમ આપણે સાધુ સમાજના સૂત્રો જોઇએ. સાધુ અથવા સાધ્વીઓએ દિક્ષા લીધા પછી નવું દેરાસર બનાવવા માટે પ્રયત્નો કરવા આનાથી એમના પોતાના માટે પાછલી જીંદગીમાં આરામથી રહી શકાય. મેં ભલે રાજપાટ, સુખસાહેબી છોડી અને અનેક કષ્ટ વેઠયા પરંતુ તમારે આવો ત્રાસ લેવાની જરૂર નથી. ફક્ત મારૂં નામ વટાવી આરામથી જીવી શકો છો.

કારણ કે તમારે હવે આત્મા સાથે કોઇ લેવા દેવા નથી મેં દેરાસર નહીં બનાવવાનો આદેશ આપ્યો હતો આનાથી તમે ખોટા પરિગ્રહમાં મચી પડશો. ફક્ત પોતાની અંદર રહેલા આત્માને ઓળખી મોક્ષ તરફ પ્રયાણ કરવાનો રસ્તો બતાવ્યો હતો. પરંતુ એ હવે તમારા માટે નકામો છે.

તમે મોટા-મોટા ભવ્યાતિભવ્ય સમારંભ કરો, દેરાસરની પ્રતિષ્ઠા કરો, સામૈયા કાઢો, વરઘોડા કાઢો, ઉપધાન તપ કરાવો, નવાણું કરાવો. નવા નવા તપ શોધીને શ્રાવકોને મોક્ષની લાલચ આપીને પોતે ૧૦ જાતની મીઠાઇઓ અને પંદર જાતના ફરસાણની મોજ માણો.

ખાઇ-પીને જલસાથી તમારૂં બીપી અને ડાયાબીટીસ વધારો જેથી શ્રાવકો તમને વ્હીલચેર અને બેટરીવાળી રીક્ષા આપી શકે. હું તો તમને પ્લેન, ટ્રેન કે કારમાં મુસાફરી કરવાની પણ છૂટ આપું છું.

અમે જંગલમાં એકલા વિચરતા હતા કારણ કે અમને આત્મા સાથે સંબંધ હતો. તમારે હવે જેટલા લોકો વધારે ભેગા


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

થાય, જેટલા શિષ્યો વધે એના માટે પ્રયત્નો કરવા. તમારા ચાતુર્માસમાં પ્રવેશ નિમિત્તે વધુને વધુ શિષ્યો આવે એના પર નજર રાખો. જે શિષ્યો ન આવે તેને ઠપકો આપો. જેથી બીજી વખત શરમા-શરમીએ પણ તેમને આવવું પડે.

મોક્ષ માર્ગ માટેના સહેલા રસ્તા બતાવો જેથી શ્રાવકો આકર્ષાય અને તમારી પાછળ લાખો રૂપીયા ખર્ચી શકે. પૈસાવાળા શ્રાવકો સાથે ઘરોબો કેળવો. સામાન્ય શ્રાવકો તરફ નજર નાખવી નહીં કારણ પૈસાવાળા શ્રાવકો થકી જ તમારા ચાતુર્માસ ભવ્ય રીતે ઉજવી શકાય.

નવા-નવા ગેજેટસનો ઉપયોગ કરો. લેપટોપ અને મોબાઈલનો છૂટથી વાપર કરો. સાધ્વીઓ અને શ્રાવિકાઓને તમારા રૂમમાં ગમે ત્યારે આવવાની છૂટ આપો. જેનાથી નવા-નવા વિચારોની આપ-લે થાય. પીએચડી જેવી ડીગ્રીઓ લો. સરકાર તરફથી મળનારા ભારત-રત્ન-પદમશ્રી જેવા માન-અકરામ લઈને તમારી નામના વધારો. જેનાથી જીનશાસનનો મહિમા વધે.

એક શ્રાવકે મને કહ્યું કે તમારી પાસે સવારથી રાત્રી સુધી શ્રાવકો કે સંઘો આવ્યા જ કરે છે આવ્યા જ કરે છે, તો તમે તમારી આરાધના ક્યારે કરો ? મેં એ શ્રાવકને કહ્યું કે દીક્ષા લીધી એટલે એમને મોક્ષમાર્ગ મળી ગયો પછી એમણે કરવું શું? આખા દિવસના ટાઈમ-પાસ માટે માણસો તો જોઈએ ને ? એકબીજાને લડાવો. તું દશો છે, તું વીસો છે, તું મારવાડી છે. આમ કહીને એમનામાં ફૂટ પડાવો જેથી તમે સારા જેવા પૈસા પડાવી શકો, જેથી તમારા ભવ્ય સ્થાનકો બની શકે. અને તમારી જીંદગી મહેનત કર્યા વગર સરળ બની શકે.

- બીજો ભાગ આવતા અંકે.

---

**ભુલ સુધાર :**

અંક નં. ૨૪, પાના નં. ૬ ઉપર છપાયેલ **શ્રી કે.ડી.ઓ. સ્ટુડન્ટસ અસોસિએશન**ની મેટરમાં **મૈત્રી ધ્રોળ,** એ-૪ને બદલે બી-૨ અને ફોન નં. **9323767399** તથા **ભવ્ય દંડ** એ-૫૦૨ ને બદલે એ-૧૫૦૨ વાંચવું.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

**(શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ, વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ)**

**S.S.C. (10th)** માટે કોચીંગ કલાસીસની ફી તથા ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન, પોસ્ટગ્રેજ્યુએશન કરતા, ભારતભરમાં કોઈપણ સ્થળે રહી અભ્યાસ કરતા કેડીઓ વિદ્યાર્થીઓને કોલેજ ફી, હોસ્ટેલ ફી, કોચીંગ કલાસીસ ફી, વગેરે માટે પ્રતિવર્ષ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી **વગર વ્યાજે** લોન આપવામાં આવે છે. (જરૂરીયાત જણાતા લોન રકમમાં વધારાની શક્યતા)

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૮ છે.**

વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

**-: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,

ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

ફોન : 022-2513 3174 / 2510 0157

**Website : www.kdoedu.com** (અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે)

**સોમવારથી શનિવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઑફિસેથી :**

**નોંધ :** અરજીફોર્મ સાથે બીડેલ પ્રત્યેક ફોટો કોપી ડોક્યુમેન્ટની ઓરીજીનલ કોપી ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી.

# જ્ઞાતિનાં પ્રશ્નો

જ્ઞાતિનું સંમેલન નવિ કમિટીના રાહબર હેઠળ થઇ રહ્યું છે એવા સમાચાર મળ્યા. આ બાબતે આપણે શું શું કરી શકીએ તે બદલ જાણ કરવા લેખ લખું છું ! આ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરી શકાય અને જ્યાં લાગે ત્યાં આપણે ત્વરીત પગલાં લઇ શકીએ.




૧) આપણાં સમાજનાં ધારાધોરણ જે વર્ષો પહેલા લખાયા છે તેમાં નવા જમાનાને અનુસરીને, વિચાર-વિમર્શ કરી ફેરફાર કરવા જોઇએ. જે કમિટી રચીને મુખપત્રમાં જાણ કરી ફેરફાર કરી શકાય.

૨) નવી મુંબઇની મહાજનવાડી જેમાં કરોડોની લાગત લાગી છે તે  સાત વર્ષથી શોભાના ગાંઠીયાની જેમ ઉભી રહી છે. ગત કમિટીએ ઉદ્‌ઘાટન કરી પોતાના નામ લખી, વાહ, વાહ કરી રેઢી મુકી દીધી છે. નવી કમિટીએ પણ કંઇ નક્કર પગલાં લીધા નથી, જગ્યા વરસાદ, જાળવણી, સફાઇ વગર ખરાબ થઇ રહી છે. તેનો રસ્તો નીકળી શકે છે પણ કોઇ નક્કર પગલાં લેવાતા નથી. આમ કેમ ચાલશે ? બાજુની જ્ઞાતિમાં નાલેશી થાય છે.

૩) ભાંડુપ-કાંજુરમાર્ગ, અનંતભુવન ત્રણે મીલકત આપણાં સમાજના હાથમાં છે અને સંપુર્ણપણે જ્ઞાતિની છે. સમાજના વડીલો, આગેવાનો, ટ્રસ્ટી સાથે બેસી વિચાર-વિમર્શ કર્યો છે પણ આગળ શું ? ક્યા અટક્યું ? કોની સગવડ નથી સચવાતી ? જ્ઞાતિના બિલ્ડરો ભલે તે કરવા તૈયાર ન હોય તો પણ જ્ઞાતિ માટે સલાહ સુચન તો આપી શકે છે. જ્ઞાતિ માટે આપણે આટલું પણ નહિ કરીએ તો ભલા આપણું જ્ઞાન-સમજ-વ્યવહારીક બુધ્ધિ શું કામની ?

ભાડુંપના ડોક્યુમેંન્ટ જાણકારો સાથે બેસી, સલાહ-સૂચન કરી, સમજીને ડેવેલોપ કરી શકાય. હમણાં વાતચીત મુજબ અમુક નક્કર પગલાં લેવાઇ રહ્યા છે એવો સમાચાર હતા. સારૂ છે ! કાંજુરમાર્ગ અંગે શું રંધાય છે ? કે શું રાંધવાના છો ? એમની વિગત બહાર આવે તો અમે તમને મદદ કરી શકીએ છીએ.

૪) હોપ ૧૦૦૦ ? શું કરે છે ? કે શું કરવા માગે છે ? તેમના નબીરા કમિટી સભ્યો જણાવશે તો સારૂ એમણે પણ ટેન્ડર મંગાવ્યા છે પણ કંઇ ખુલાસો નથી તેમના તરફથી !

૫)  મુંબઇની સદી પુરાણી પાઠશાળા એટલે કે વિદ્યાલય ક્યાં છે ? કેમ ચાલી રહી છે ? કોણ ચલાવી રહ્યુ છે ? જ્ઞાતિ ૯૫% અજાણ છે. ક્યારેક જ્ઞાતિ મુખપત્રમાં જણાવતા રહેવું જોઇએ. કાર્યકર્તાને કે કમિટી સભ્યોને પણ કશાં સમાચાર નથી. મસ્જીદબંદર પર શાળાને મળેલી જગા છે તેના શું નક્કર પગલાં લીધા છે ? ક્યાં વસ્તુ અટકે છે ? કશાં સમાચાર નથી. ફુવારાના ઉદ્‌ઘાટન માટે ને સી.એમ. ને બોલાવી શકો છો તો આ માટે તેમની કે લાગતાં-વળગતાં નાની સલાહસૂચન કેમ નથી લેતા ? મદદ લેવાં ક્યાં વાંધો આવે છે ? જમાના અનુસાર બાંધછોડ કરી શકાય.

૬)અંતે સારા સમાચાર, જ્ઞાતિ અત્યારે શિક્ષણ માટે ઘણાં સારા પગલાં લઇ રહી છે. તેના પરિણામ-સ્વાદ-આપણે જોઇ રહ્યા છીએ.

બોર્ડિંગ બદલ ધન્યવાદ! શિક્ષણ પ્રચાર સમિતી, ઉત્કર્ષ કમિટી પોતાના હિસાબે અથાગ મહેનત અને પગલાં લઇ રહ્યા છે. જ્ઞાતિનું ભલું થઇ રહ્યું છે તે બદલ તેમના કાર્યકર્તા અને કમિટીનો હાર્દિક આભાર ! અભિનંદન !

જ્ઞાતિ માટેની ચર્ચા છે. સંમેલન પહેલાં આપણે આ મુદ્દાઓ પર ચર્ચા કરયું તો કંઇક સારૂ થશે. સાથે રહીશું તો હજી આગળ વધશું.

**- શરદ શાહ (નાગડા)**

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

### અંત્યેષ્ટિ ક્રિયામાં માનવતા ગ્રુપ - ડોમ્બીવલીની સેવા

ડોમ્બીવલી પશ્ચિમ સ્થિત લઘુબંધુ ભાઈશ્રી મણીલાલ કેશવજી મોતાના દુઃખદ અવશાન પ્રસંગે ઢાળસ દેવા સારી એવી સંખ્યામાં શ્વેત વસ્ત્ર ધારી મંડળનો બીલો ધારણ કરી અંતયેષ્ટિનો અત્‌થી માંડી ઇતિ સુધીનો સર્વ નાનો મોટો સામાન હાજર કરી મોક્ષ ગામિની વાહન સાથે હાજર થઇ ગયા. જરૂર પૂરતી વિધિ, ઠેઠ મુક્તિધામ સુધી હાજર રહ્યા. અંત્યેષ્ટિ વિના વિલંબે પાર પડે તેની કાળજી લીધી અને અંતે કુટુંબી પરિવાર સગાસંબંધીઓ માટે ખારી માની પણ જોગવાઇ કરી.

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# સાંઘવ ગામનો થયેલ મેળાવળો

તા. ૩-૬-૨૦૧૮ રવિવારના રોયલ ગાર્ડન રિસોર્ટમાં મેળાવળો રાખવામાં આવેલ. સાંઘવવાસીઓ નિયાણી બહેનો ૨૦૦ જણની સંખ્યામાં પધારેલ. ડોંબિવલી અન ભાંડુપ-મુલુંડ થી બે બસો રાખવામાં આવેલ. બીજા પોતપોતાના વાહનોથી સવારના ૮.૦૦ કલાકે પધારેલ. સવારના નૌકારશી, બપોરના અને સાંજના જમણવાર, બપોરના ચા-નાસ્તા-આઇસસ્ક્રીમ રીસોર્ટમાં રાખવામાં આવેલ. સવારથી બપોર સુધી રિસોર્ટમાં નહાવાની મઝા માણેલ. ત્યારબાદ ત્રિહાન્હિકા મહોત્સવની ઝલક વિડીયો ક્લીપ દ્વારા બતાવવામાં આવેલ. હાઉઝી ગેમ રમાડવામાં આવેલ. રાસ ગરબા રમાડવામાં આવેલ. એક જણ દિઠ **રૂા. ૨૫૦/-** લેવામાં આવેલ. બીજો બધો લાભ **સાંઘવ શિરોમણી શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા** - લોંખડવાલા પરિવાર ઘાટકોપર અને **સાંઘવ ગૌરવ શેઠશ્રી શામજી નરશી દંડ** અને **શ્રી શાંતિ નવયુગ જૈન મિત્ર મંડળે** લાભ લીધેલ.

ડોંબિવલી બસમાં ભક્તામર કરવામાં આવેલ તેમાં ત્રણ લક્કી ડ્રો એકતા પરેશ દંડ તરફથી રાખવામાં આવેલ. ડોંબિવલી અને ભાંડુપ બને બસમાં દરેક ભાગ્યશાળીઓ તરફથી સંઘપૂજન કરવામાં આવેલ. (**રૂા. ૫૦/-**નો દરેક યાત્રીકને) મેળાવળાને સફળ બનાવવા માટે સંદીપ લોડાયા, વિપુલ પટેલ, જયેશ લોડાયા, કલ્પેશ લોડાયા, વિપુલ લોડાયા - ભાંડુપ, પરેશ દંડ, વિરચંદ ખોના, રાજેશ દંડ, મિથુન પટેલ સારી જહેમત ઉઠાવેલ. બધા જણે રિસોર્ટમાં મેળાવળાની મજા માણેલ

**સાંઘવ ગામને આંબિલ ખાતા માટે શ્રી સાંઘવ ગામના નાગડા પરિવાર તરફથી ભેટ :** **૧** થાળી, **૨** વાટકા, **૧** ડીસ, **૧** ગ્લાસ, **૧** ચમચી એવા સેટ કાંસાના (કંજાના), **૧૫** સેટ, રસોઇ ગરમ રાખવા માટે (બોઇલર) બેનમરી સેટ, કોપર સ્ટીલ - ટોપ-છીબા સાથે **૮** નંગ, સ્ટીલ કોપર કડાઇ નંગ **૪**, સ્ટીલ કમંડળ **૨** નંગ, ચોમુખ **૨** નંગ, બાઉલ **૪** નંગ, સાંઘવ મહાજનને ભેટ મળેલ છે. તે બદલ સાંઘવ મહાજન નાગડા પરિવાર-સાંઘવની અનુમોદના કરે છે.

પર્વ પર્યુષણની ૧૦૦ જેટલી આરાધકોની ટીકીટો આવી ગયેલ છે. હજી આરાધના કરવાની ઇચ્છા હોય તો જરૂરથી જણાવશો.

**લી. સંદીપ લોડાયા** (સાંઘવ - મુલુંડ)

॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ॥

॥ શ્રી ગણેશાય નમઃ॥ ॥ શ્રી અંબેમાં નમઃ॥ ॥ શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ॥

# શ્રી અંબેમાં ખોના પરિવાર - સુથરી મહાતીર્થ

સુથરીમાં **શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના**ના ઘરે બીરાજમાન ખોના ગોત્રના કુળદેવી **શ્રી અંબેમાં ની સમુહ પહેડી (જુહાર) તથા નુતન મંદિરની સ્થાપનાની ૯ (નવમી) વર્ષગાંઠ ઉજવણી તેમજ પુડશાદાદાના ભોઈમાંની ગંધી બદલવાની વિધિ** કારતકી તેરસ થી પૂનમ **તા. ૨૧.૧૧.૨૦૧૮ થી તા.૨૩.૧૧.૨૦૧૮** સુથરી મધ્યે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે ખોના પરિવારના જેના પણ લગ્નના, નામકરણના તથા છેડા છેડીના જુહાર બાકી હોય તે થઈ શકશે. પૂનમનાં પરિવાર દ્વારા માતાજીની પહેડી રહેશે તેમજ આપણા પુડશા દાદાના ભુઈમાંની ગંધી બદલવાનો કાર્યક્રમ પણ પૂનમનાં રોજ થશે.

**આ પ્રસંગે ખોના પરિવારના સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.**

રેલ્વેની ટીકીટ બુકીંગ પોતાની રીતે કરાવી લેવા વિનંતી છે અથવા અમોને સંપર્ક કરવા વિનંતી છે.

**આપના આગમનની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.**

**તા.ક. :** દરેક કુટુંબીજનોને આ આમંત્રણ રૂબરૂ મલ્યા તુલ્ય સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.

નિમંત્રક : **શ્રી અંબેમાં ખોના પરિવારના જય માતાજી**

સંપર્ક :

| | | | |
|---|---|---|---|
| **રાજેન્દ્ર મણીલાલ ખોના** | **- 98203 02853** | **ભરત મુલજી ખોના** | **- 98200 78058** |
| **લહેરચંદ કુંવરજી ખોના** | **- 82002 68038** | **અશ્વિન મણીલાલ ખોના** | **- 98331 20585** |
| **સમીર કુંવરજી ખોના** | **- 84336 99366** | **દિલીપ મણીલાલ ખોના** | **- 97020 34307** |
| **વીપીન શામજી ખોના** | **- 98673 02873** | | |

## આરોગ્ય પ્રકાશ : માઈક્રોન્યુટ્રીન્ટસ્ : વિટામીન્સ અને મિનરલસ્ - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**મિનરલ્સ :** વિટામીનની જેમ મિનરલ્સ પણ આપણા શરીર માટે ઉપયોગી છે. કુલ ૧૪ મિનરલ્સની શરીરને જરૂરત હોય છે. તેમાં બે પ્રકાર છે. વધારે પ્રમાણમાં શરીરને જોઈએ એને મેક્રોન્યુટ્રીઅન્ટસ્ કહે છે, અને ઓછા પ્રમાણમાં જોઈએ તેને મેક્રોન્યુટ્રીઅન્ટસ્ કે ટ્રેસમિનરલ્સ કહે છે. મેક્રોન્યુટ્રીઅન્ટસ્ પાંચ છે. (૧) કેલશ્યમ (૨) ફોસ્ફરસ (૩) પોટેશિયમ (૪) મેગ્નેશિયમ (૫) સોડીયમ માઈક્રોન્યુટ્રીઅન્ટસ્ દશ છે. (૧) આયર્ન (૨) ઝીંક (૩) કૉપર (૪) ક્રોમિયમ (૫) ફલોરાઈડ (૬) આયોડીન (૭) સેલેનિયમ (૮) મેંગેનીઝ (૯) મોલીડિયમ (૧૦) ક્લોરાઈડ

**૧) કેલ્શિયમ :** દૂધ અને દૂધમાંથી બનતા ખાદ્ય, લીલા શાકભાજી, ચોળી, વટાણા, ચણા, તુવેર, પાપડી જેવી લીલી શીંગો, ટોફ (સોયાબીનનું પનીર), ગોળ, ભીંડા, બ્રોકોલી, સરગવાની શીંગ, સરગવાના પાન, ઘેરા લીલા રંગના શાકભાજી, તલ, પીચ વગેરેમાંથી મળે. શરીરમાં કેલ્શિયમની ઉણપ હોય તો હાડકામાં કેલ્શિયમ ઓછું જમા થાય તેથી ઓસ્ટીઓપોરોસીસ (હાડકાનું છીદ્રાળુપણું) હાડકા પોલા થાય એટલે ફ્રેક્ચર જલ્દી થાય. નાના બાળકોમાં રીક્ટ્રેસ થાય શરીરમાં કેલ્શિયમ ઓછું હોય તો દાંત નબળા પડે અને દાંતની બીમારીઓ થાય.

**૨) ફોસ્ફરસ :** વટાણા, ચોળી, તુવેર, પાપડી, ચણા જેવી લીલી શીંગો, સૂકો મેવો, તેલીબીયાં, આખું અનાજ (વગર પોલીશ કરેલુ અનાજ), મકાઈ, લાલ ચોખા, સી-ફૂડ, (દરિયાઈ ખાદ્ય) વગેરેમાંથી મળે ઉણપઃ- નાના બાળકોનો વિકાસ ઓછો થાય. હાયકા અને દાંત નબળા તૈયાર થયા. જેમને એસિડીટી હોય અને તેની દવા લેતા હોય, ડાયાબીટીસ કાબુમાં ન રહેતો હોય, દારૂ પીતા હોય એવા લોકો ખોરાકમાં ફોસ્ફરસ ઓછું લે તો તકલીફ થાય તેમજ ફોસ્ફરસની ઉણપથી ભૂખ ઓછી થાય, ચિંતા થાય, માથામાં દુખાવો, ફ્રેક્ચર જલ્દી થાય, સાંધા અકળ થાય, કમજોરી થાય, ચિડિયાપાણું ખાલી ચડવી વગેરે તકલીફ થાય.

**(૩) પોટેશિયમ :** ટામેટા, લીલા પાંદડાવાળી ભાજી શક્કરીયા, ગાજર, કેળાં, પીચ ચોળી, વટાણા, તુવેર, પાપડી, ચણા જેવી લીલી શીંગો, દહીં, સંતરા, તરબૂજ, બટેટા, ખજૂર, દ્રાક્ષ, ગોળ, પિસ્તા, મશરૂમ, સફેદ વાલ વગેરેમાંથી મળે. ઘણુ કરીને ખોરાકમાં ખામી ને કારણે પોટેશિયમ ઓછું ન થાય પણ ડાયયુરેટીક્સ (પેશાબ વધારવા માટેની) દવા લેનારને ઉણપ થાય. પોટેશિયમની ખામીથી હૃદયના ધબકારા અનિયમિત થાય, શરીરની કમજોરી, માનસિક મુંઝવણ, લો બી.પી. ની તકલીફ થાય.

**(૪) મેગ્નેશિયમ :** બદામ, કેળા, બ્રોકોલી, તુવેર, કાજુ, ભીંડા, ચણા, મગફળી, અખરોટ, સોયામિલ્ક, પાલક વગેરેમાંથી મળે. તેની ઉણપથી ડિપ્રેશન સ્નાયુ ખેંચાવા, સ્નાયુમાં તકલીફ, ચીડચીડાપાણું, અસુખ (બેચેની) શરીરમાં સોફ્ટ ટીશ્યુ (માંસપેશી) માં કેલ્શિયમ જમા થાય, હાઈ બી.પી., હૃદયના ધબકારા અનિયમિત થાય તેમને કીડનીની તકલીફ હોય, પેટની તકલીફ હોય, દારૂનું વ્યસન હોય તેમને મેગ્નેશિયમ ઉણપથી વધુ તકલીફ થાય છે.

**(૫) સોડીયમ :** ચોળી, ચણા, વટાણા, પાપડી, તુવેર, જેવી લીલી શીંગો, સુકો મેવો, નાળિયેર પાણી, તેલીબિયાં, આખું અનાજ, તાજા ફળો, મીઠું (નમક), સીંધવ નમક, વગેરેમાંથી મળે, એની ઉણપથી થાક લાગે, સ્નાયુ ખેંચાય (ક્રેમ્પસ્) ઉલટી, ઉબકા, માથું દુખે, સ્થળ સમયનો ખ્યાલ ન રહે (ડીસઓરીએનટેશન) આજુબાજુ શું થાય તેની ખબર ન પડે.

**માઈક્રોન્યુટ્રીઅન્ટસ્ :**

**(૧) આયર્ન (લોહતત્વ) :** ખજુર, બદામ, જરદાળુ, શેકેલી લીલી શીંગો, વાલ વટાણા, તુવેર વગેરે, ગુંદર, લાલ ચોખા, લીલા પાંદડાવાળા શાકભાજી, બ્રોકોલી, કોળાના બી, ગોળ, વાલ વટાણા, જેવા કઠોળ વગેરેમાંથી મળે. આની ઉણપથી શરીરમાં લોહી ઓછું થાય (એનિમિયા), થાક લાગે અને લોહીની ઉણપથી શરીરના ઘણા અંગોની ઘણી તકલીફ થાય.

**(૨) ઝીંક :** પાલક, તલ, કોળાના બી, લીલા વટાણા, કાજુ આખું અનાજ, શેકેલા કઠોળ, ઓટ, ઓઈસ્ટર (છીપ) માંથી મળે એની ઉણપથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઘટે, હાડકાની વૃદ્ધિ ન થાય, ઝખમ જલ્દી ન ભરાય, રાત્રે ઓછું દેખાય (રતાંધળાપણું), બાળકોની વૃદ્ધિ બરાબર ન થાય, વાળ ખરે, દારૂના વ્યસની, પેટની તકલીફ કે ઝાડા થવા હોય અને શાકાહારી લોકોને ઝીંકની ઉણપ થવાની શક્યતા હોય છે.

**(૩) તાંબુ :** લીલા, શાકભાજી, મશરૂમ જવ, સોયાબીન, ટોફું (સોયા પનીર), કાજુ, ચોળી ગોળ, સુર્યમુખીના બી, વગેરેમાંથી મળે, ઉણપથી ખાસ તકલીફ થતી નથી પણ એનિમિયા હોય આર્યનની ગોળી લે છતાં લોહી ન વધે, વાળ અને ચામડીનો રંગ બદલાય, એસીડીટી માટે એન્ટાએસીડ વારંવાર લેતા હોય તેમને આવા લક્ષણો થાય.

**- ક્રમશઃ**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ

## તક

## તક થી તકદીર બનાવો, મન થી મંજીલ બનાવો, જીવનથી જીંદગીની રાહ બનાવો

જીંદગીમાં મળતી તકનો જે ઉપયોગ કરી જાણે છે તે ખરેખર જીવી જાણે છે. આપણા જીવનમાં બધાને મોટી મોટી તકો તો ખૂબજ જુજ પ્રમાણમાં મળતી હોય છે અને તેનો જે સદ્ઉપયોગ કરી જાણે તેની લાઇફ બની જાય છે. નાની નાની તકો તો જીવનમાં આવ્યા જ કરે છે પણ તેનો પણ જે સદ્ઉપયોગ કરી જાણે છે તે સફળતા ને જલ્દીથી વરે છે. કહેવાય છે ને કે લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે અરીસામાં જોવા ન જવાય.

"Oppertunity does not Knock the door twice." આ વિધાન પણ ખૂબજ અગત્યનું છે. જે આનો મતલબ સમજે છે અને એ રીતે વર્તે છે તેને ક્યાંય ફાંફા મારવાની જરૂરત નથી પડતી.

જીવનમાં ડગલે ને પગલે માણસને આ તકનો સામનો કરવાનો હોય છે. ક્યાંક શોખ માટે, ક્યાંક જવાબદારી માટે, ક્યાંક વ્યવસાય માટે તો ક્યાંક સંબંધો માટે. પણ જે સાવધ અને સાવચેત હોય છે તે આવી તકોનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકે છે.

નિરાશા, અસફળતા, અસંતોષ જેવા દુગુર્ણોને માત કરવા હોય તો જીવનમાં વારંવાર આવતી આવી તકોનો લાભ લેવાની આદત પાડીએ તો અચુક સફળતા અને સંતોષની સીડી મળવી આપણા માટે બહુજ સહેલી થઇ શકશે.

પ્રથમ તો આપણે આપણી પ્રાયોરીટી પણ નક્કી કરવી પડશે, અને એ પ્રમાણે આપણે આવતી તકોનો ફાયદો ઉઠાવવાની આદત પાડવી પડશે. આપણી શરમ, આપણો અહમ્, આપણા સંસ્કાર તથા આપણો સ્વભાવ વગેરેથી વિરૂધ્ધ પણ જઇને આવી તકો ને પડકારવાની પારંગતતા આવી જાય તો ખરેખર આપણો ગંગા ન્હાયા.

જીવન જીવવું એ અશકય નથી પણ જીવન જીવવાની કળામાં પારંગત થવું એમાંજ તો માણસની કસોટી થાય છે.

ક્યાંક તક ઉપર તર્ક-વિર્તક કરવાની બેલા આવે તો આપણે એનો સામનો કરી જોશું તો આપણને નવી નવી દિશાઓ મળતી રહેશે અને નવી નવી મંજીલ કબજે કરવાની તાલાવેલી પણ એટલીજ થશે. જે આપણી પ્રગતિ માટે બેશક જરૂરી બનશે. તો તકની તાલાવેલી બરકરાર રાખો અને તક ને ઝડપી લેવાની પેરવી કરતા રહો.

**- જયકાંત મોતા,** ઘાટકોપર-તેરા


**ફ્રી એન્ટ્રી ! ફ્રી એન્ટ્રી !! ફ્રી એન્ટ્રી !!!**

શુટીંગની ઉપલબ્ધ તારીખો
જુન - ૨૦૧૮
શનિવાર : ૧૬, ૨૩, ૩૦
જુલાઇ - ૨૦૧૮
શનિવાર : ૭, ૧૪, ૨૧, ૨૮

શુટીંગની ઉપલબ્ધ તારીખો
જુન - ૨૦૧૮
રવિવાર : ૧૭, ૨૪
જુલાઇ - ૨૦૧૮
રવિવાર : ૧, ૮, ૧૫, ૨૨, ૨૯




**'જીંદગી કે ક્રોસ રોડ' સોની ટી.વી.**

નોંધ :

૧. ૨૫ થી ૫૦ વર્ષ વય સુધીના ભાઇઓ અને બહેનો આવકાર્ય (જ્ઞાતિબાધ નથી)
૨. ૪ થી ૫ કલાકનો શૉ રહેશે. (શુટીંગ શરૂ થયા બાદ)
૩. **શનિવાર અને રવિવાર રોજના બે શૉ.**
★ **પહેલો શૉ :** સ્ટૂડીઓ રિપોર્ટીંગ સમય સવારે ૯ કલાકે થી અંદાજે બપોરે ૨ કલાકે પૂર્ણ. (શુટીંગ બાદ લન્ચ કર્યા પછી પ્રથમ શૉ પૂર્ણ) વેજ ફુડ રેગ્યુલર (જૈન નહીં).
★ **બીજો શૉ :** સ્ટૂડીઓ રિપોર્ટીંગ સમય બપોરે ૩ કલાકે થી અંદાજે રાત્રે ૮ કલાકે પૂર્ણ (શુટીંગ બાદ લાઇટ બ્રેકફાસ્ટ પછી બીજો શૉ પૂર્ણ) વેજ ફુડ રેગ્યુલર (જૈન નહીં).
૪. ૪૦ થી ૪૫ વ્યક્તિઓ હશે (લેડીઝ - જેન્ટ્સ ઇક્વલ) તમારા સરનામા પર સોની ટી.વી. તરફથી બસની વ્યવસ્થા નિઃશુલ્ક આપવામાં આવશે. (નોન એ.સી. બસ માત્ર મુંબઇ પુરતું જ મર્યાદિત)
૫. **શુટીંગ સ્થળ :** ગોરેગામ ફિલ્મ સીટી, ગોરેગામ (ઇસ્ટ), મુંબઇ.
૬. એક શૉમાં લાભ લીધેલ વ્યક્તિ બીજી વાર શૉમાં ભાગ નહીં લઇ શકે. (**No Repeat**)
૭. ગ્રુપ અથવા મંડળ ઉપર મુજબની તારીખે સીટ બુક કરાવી શકે છે.
૮. સંજોગોવસાત શુટીંગ રદ્દ પણ થઇ શકે છે. એ સમય દરમ્યાન સાથ સહકાર આપવો.

બુધ - શુક્ર, રાત ૮:૩૦ કલાકે
ફુલ મસ્તી, ફુલ ધમાલ ભર્યું વાતાવરણ
અને
**રામ કપૂર** સાથે વિવિધ વિષયો ઉપર
ચર્ચા વિચારણા (વાતચીત) કરવાનો અને
પોતાને સોની ટી.વી. સ્ક્રીન પર
રામ કપૂર સાથે જોવાનો
અનેરો અવસર એટલે...
'સોની ટી.વી.' ઉપર આવતો
એક માત્ર રિયાલીટી શૉ
જે કુટુંબ સાથે નિહાળી શકીએ
એવો શૉ **'જીંદગી કે ક્રોસ રોડ'**

બુકિંગ માટે સંપર્ક : **Rocks Star Casting Agency** - અભય શાહ (સાંધવ)- ૯૮૩૩૪૨૦૦૦૮

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિમલ કાનજી મૈશેરી** (PS 974) | ૬૭/૮૦૦, કામાવતી એપાર્ટમેન્ટ્સ-૧, પારસ નગર પાર્ટ ૨, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૬૩. મો.: ૦૯૯૩૦૪ ૧૭૬૬૫ |
| **નરેશ શામજી ખોના** (PS 1811) | ૨૧૦૩, વાસુદેવ હાઈટ્સ, નાહુર ગોરેગામ લિંક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૦૯૬૧૯૨ ૬૯૨૮૫ |
| **તેજુલ શામજી શાહ (લોડાયા)** (PS 7349) | ૪૦૫, ગૌતમ પાર્ક, પાંચ પખાડી રોડ, ચંદ્રપ્રભુ જૈન મંદિરની પાછળ, નૌપાડા, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૨. મો.: ૦૯૮૨૦૦ ૪૭૨૬૬ |

## કચ્છી કસબ - ૧૨૩





રચયિતા: **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૧] ક્યાંક (૩); [૩] ઘંટી (૩); [૫] અક્કલ વગરનું (૩); [૭] ગાડા ઉપરનું કપડુ (૨); [૮] બિલાડો (૨); [૯] કાદવ (૨); [૧૧] ખીજ (૨); [૧૩] નાનો બાબો (૨); [૧૪] સ્ત્રીઓની બહેનપણી (૩); [૧૬] હાડમારી (૪);[૧૯] બહેનનો વર (૩); [૨૦] અંદરો અંદર (૪); [૨૨] સહાનુભૂતિ બતાડવી (૨); [૨૩] ડરવું (૨); [૨૬] પહોંચેલો માણસ (૨); [૨૭] એમ (૧); [૨૮] કદરૂપી સ્ત્રી (૪); [૩૨] ફક્ત (૨); [૩૩] ભીંતમાં જડેલો કબાટ (૨); [૩૪] કંટાળો (૩); [૩૫] ખોળો (૨); [૩૬] તાવ (૨); [૩૭] નકલ કરવી (૨)

**ઊભી ચાવીઓ -**

[૧] કેટલા (૩); [૨] દરવાજો (૩); [૪] ગોદળી (૩); [૫] જાવ (૨); [૬] બળજબરી પૂર્વક (૩); [૧૦] શોધ્યું (૨); [૧૨] સંજોગ (૨); [૧૩] તડકો (૨); [૧૫] શોધ્યું (૨); [૧૬] હાથી દાંતનો ચુડલો (૪); [૧૭] સ્તબ્ધ (૨); [૧૮] ઘણુંબધું (૨); [૨૦] અંદર (૨); [૨૧] ભેંસો (૨); [૨૩] લાંબો (૨); [૨૪] જમ્યા પછી થાળીમાં એઠા હાથ ધોવા (૨); [૨૫] એક માળનું મકાન (૨); [૨૮] આગળથી (૪); [૨૯] પંચાત (૪); [૩૦] કાળી (૨); [૩૧] મારા (૨); [૩૩] દવા (૨); [૩૪] છે (૨)

(ઉકેલ અન્યત્ર)

## નમ્રતા જ ચમત્કાર કરી શકે....

એક મૅડમ સાડીઓના શોરૂમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં, પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગૅરન્ટી ખોટી પડી. એ મૅડમે પોતાના ડ્રાઈવર સાથે શોરૂમના માલિકને એક પત્ર મોકલ્યો : 'તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બિલ પરત મોકલું છું. તમારા શોરૂમના સેલ્સમેને ગૅરન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે, પરંતુ બિલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલિંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરૂમની પ્રતિષ્ઠાને કલંક લાગે. એક સાડી બગડવાથી મને તો બે-ત્રણ હજારનું જ નુકસાન થયું છે, પણ એટલા જ કારણે તમારા શોરૂમની પ્રતિષ્ઠા ઝંખવાય તો તમને મોટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમૅન પર ભરોસો છે. કદાચ તેણે ભૂલથી મને વધુ પડતી ગૅરન્ટી આપી હોય. તમે પ્રામાણિક વેપારી તરીકે વધુ કામિયાબ થાઓ એવી શુભેચ્છાઓ.'

શોરૂમનો માલિક એ પત્ર વાંચીને ગદ્‌ગદ થઈ ગયો. તેણે એ જ રાત્રે પોતાના સેલ્સમૅન દ્વારા વધુ કીમતી એક નવી સાડી મોકલી આપી, સાથે દિલગીરીના થોડાક શબ્દો પણ.

'ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરૂં, પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરીએ છીએ, આપણું બ્લડપ્રેશર વધારીએ છીએ અને એટલું કર્યા પછીયે પૉઝિટિવ રિઝલ્ટની ગૅરન્ટી તો નથી જ મળતી.

***('યુ-ટર્ન' પુસ્તકમાંથી સાભાર)***

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે વડોદરામાં ચર્ચા-વિચારણા સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનનું ચતુર્થ સમ્મેલન નલિયા મુકામે તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે આયોજિત થઈ રહ્યું છે. ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, વડોદરા, અમદાવાદ, સુરત, વાપી, વલસાડ, અંકલેશ્વર, આણંદ, હાલોલ, રાજકોટ, જામનગરના સર્વે સભ્યો તથા પદાધિકારીઓ, શ્રી કચ્છી દશા ઓશવાલ પશ્ચિમ એકમના પદાધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો, આપણી જ્ઞાતિના અન્ય મહાજનોના પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને ઉપરોક્ત શહેરોની મુખ્ય સંસ્થાના પદાધિકારીઓ કે ટ્રસ્ટીશ્રીઓ સાથે શ્રી સમસ્ત મહાજનના અધિકારીઓ એવમ ટ્રસ્ટીઓ સાથે જ્ઞાતિ ઉત્કર્ષની સંપૂર્ણ ચર્ચા-વિચારણ કરવા આપણા ગુજરાતના સર્વે મહાજનશ્રીઓની એક જનરલ સભા તા.૨૪-૦૬-૨૦૧૮ વડોદરા ખાતે યોજવામાં આવી છે. ઉપરોક્ત સૌ મહાનુભાવોને પધારવા આમંત્રણ છે.

## ચતુર્થ સમ્મેલન સંદર્ભે વિવિધ સ્થળે 'રોડ શો'

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરના નલિયા મુકામે યોજાનારા ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવા વિવિધ સ્થળોએ 'રોડ શો'નું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગત નીચે પ્રમાણે છે.

વડોદરા ૨૪-૬-૧૮ સાંજના ૪ થી ૬

નાસિક ૯-૭-૧૮ સાંજના ૧૧ થી ૧

પૂના ૯-૭-૧૮ સાંજના ૭ થી ૯

ઔરંગાબાદ ૧૦-૭-૧૮ સાંજના ૧૧ થી ૧

નાંદેડમાં ૧૦-૭-૧૮ સાંજના ૪ થી ૬

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટના કાર્યો પૂર્ણ રીતે સફળતાપૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર કાયમી દાતા ૧) માતુશ્રી રતનબાઈ હિરજી શિવજી લોડાયા (મુંબઈ-બાંઢિયા), ૨) સૌ. હિના રતીલાલ દામજી ધ્રોડ, ડોંબિવલી (સિલ્વર જ્યુબલી એનીવર્સરી), ૩) લાલજી ગોવિંદજી મોમાયા (સ્વર્ગવાસ નિમિતે - ચાલીસગામ), ૪) માતુશ્રી મેઘબાઈ દામજી લાલકાના સ્મરણાર્થે (હસ્તે - સરલાબેન શાંતીલાલ લાલકા પરિવાર, ચોપડા), ૫) ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (હસ્તે - વિજયભાઈ લીલાધર મોમાયા - માટુંગા), ૬) પુષ્પાબેન ચંદુલાલ ડાઘા, હર્ષાબેન વિપુલ ડાઘા (પારોલા), ૭) તારાચંદ દામજી પોલડિયા (બુરાનપુર), ૮) રતનબાઈ જેઠાભાઈ લોડાયા (મલાડ), ૯) સોહમ રાજા ગાંધી (હસ્તે માનબાઇ હિરાચંદ નાગડા - ઘાટકોપર), ૧૦) સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૧૧) લીલાવંતીબેન ગોવિંદજી નાગડા (હસ્તે - પુર્ણિમા સુરેશ નાગડા-નાંદેડ), ૧૨) માકબાઈ લખમશી ધુલ્લા (મુલુંડ), ૧૩) મુલજી શામજી મૈશેરી (કોઠારા), ૧૪) કેશવજી મુલજી લોડાયા (દાવણગિરી-નકરો), ૧૫) પારૂલબેન કિશોર ધુલ્લા (ચાલીસગામ-વર્ષીતપ નિમિત્તે - નકરો), ૧૬) ધનબાઈ ઉમરશી ધરમશી (હસ્તે કોકિલાબેન દિનેશચંદ્ર ધરમશી-વડોદરા), ૧૭) એક સદ્‌ગૃહસ્થ (ચાલીસગામ - નકરો), ૧૮) ઈશિતા, અંકિત, નિશા (જન્મદિવસ નિમિત્તે - ચાલીસગામ)

## (ભાંડુપ) અલીબાગે આનંદોત્સવ

શ્રી ક.દ.ઓ. જૈન સંઘના ઉપક્રમે માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા હસ્તે ધનેશભાઇ આયોજીત અલીબાગ દરિયા કિનારે ટહેલવા બે બસના ૧૧૦ સહેલાણીઓ રવિવાર તા. ૩ના ગયા હતા. સવારના ૭ થી રાતના ૧૦.૩૦ સુધી ભરપુર આનંદ લૂટ્યો. અલીબાગ અચલગચ્છ સંઘના રસોડે સવારના નવકારશી, ભોજન, ચા અને ચૌવિહાર કર્યો. દેવદર્શન, બીચ પર ટહેલવું વગેરે સાથે મોજ અને ગમત પડે તેવી થોકબંધ રમતો રમ્યા. મનોજ લોડાયાએ મેનેજમેન્ટ કરી. રમત-ગમતનું આયોજન ક્રિષા કમલેશ મૈશેરી, જિનાંગી, જીયા, ડીન્કલ અને નિરવ મોતાએ કર્યું. દાદા આદીનાથ જિનાલયની ૭૩મી ધર્મધ્વજાના ત્ર્યાહિનકા મહોત્સવને ધબકતું કરવા પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ને આમંત્રિત કરતાં ભાવથી પધારી સૌને જાગૃત કરવા કટાક્ષભર્યા ચાબખા મારી આંતરખોજ કરવા મજબુર કર્યા હતા. વડીલોને યાદ કરતાં કહ્યું કે ફ્રીમાં બ્લોક સાથે જિનાલય-ઉપાશ્રયની ભેટ આપી છતાં જિનાલય ખાલી કેમ ? રાઈ દેવશીં પ્રતિક્રમણે ગેર હાજરી કેમ એવા મંથન કરાવતાં પ્રશ્નોએ સૌને ચૂપ કરી દેતા. ૬૦ જણની હાજરીએ રોજ રૂા. ૧૦/- પ્રભાવના થતી.

### શ્રી સુથરી મહાતીર્થમાં ચાતુર્માસ તથા પર્યુષણ પર્વ

આ વરસે ચાતુર્માસ પૂ. સા. શ્રી મહાયશાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં થશે. સર્વે સુથરીવાસી ભાઈ બહેનો, સુથરીની નિયાણી બહેનો સહપરિવાર ચાતુર્માસ પ્રવેશથી કરી પર્યુષણ પર્વ પૂર્ણ થાય ત્યાં સુધી તપ આરાધના કરવાની વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી કરવામાં આવશે.

### શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

૧૦-૬-૨૦૧૮ના ડોંબિવલી પૂર્વમાં ૪૨મા શૈક્ષણિક સમારોહનુ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં શ્રી સરસ્વતી માતાજી શ્રી મહાકાલી માતાજી સમક્ષ દીપ, અગરબત્તી પ્રાગટ્ય તથા હારારોપણ નોટબુક/ લોગબુક-મુખપૃષ્ઠ માટે ત્રણ વર્ષના દાતા માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા (મોટી ખાવડી-ઘાટકોપર) પરિવારના શ્રી મયુરભાઇ, વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બેગ, શૈક્ષણિક ઉપકરણના દાતા માતુશ્રી વિજયાબાઇ માણેકજી લખમશી ધરમશી (ગોરખડી-ડોંબિવલી) પરિવારના શ્રી સચીનભાઇ, શાળા ગણવેશના દાતા શ્રી કુમારપાળ કાનજી મોમાયા (વરાડીયા-ડોંબિવલી)ના શ્રી કપીશભાઇ, શ્રી નિરંજન કેશવજી મોમાયા (વરાડીયા-મસ્જિદબંદર) વતીશ્રી મુકેશ હીરાચંદ શિયાલ (જખૌ-ડોંબિવલી), કાયમી શૈક્ષણિક કૂપન લક્કી ડ્રો વિજેતા કુ. વિદીશા કાંતીલાલ દંડ (ભરૂડીયા-ડોંબિવલી), મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા), ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), માનંદમંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર), શૈક્ષણિક સમિતીના ચેરમેન શ્રી સંજય મણીલાલ નાગડા (રાપર) તેમજ શ્રી કલ્પેશ ખુશાલ ધરમશી (કોઠારા)એ કર્યું હતું. શ્રી નવકાર મંત્રનું પઠન શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપૂર), શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલીયા), કુ. ક્રેયા સંજય નાગડા (રાપર), કુ. બીના નીલેશ મૈશેરી (વારાપધર), બાળકો, વડીલો, આમંત્રીત મહેમાનોની સાથે જ્ઞાતિજનોએ કર્યું હતું. માનદ મંત્રીશ્રી મહેન્દ્ર મોતાએ સર્વેનું સ્વાગત કરીને કાર્યક્રમ તેમજ મંડળ વિશે માહિતી આપી હતી. પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ જ્ઞાતિજનોને આવકાર આપીને પોતાના વિચારો રજુ કર્યા હતા.

દાતા પરિવાર દ્વારા નોટબુક, લોગબુક, ગણવેશ, દફતરને શૈક્ષણીક ઉપકરણનું વિમોચન કરીને વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. દાતા પરિવારોનું પુષ્પગુચ્છ અને શાલથી તેમજ ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં પહેલા, બીજા ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી મંડળના સભ્યોને વિવીધ જ્ઞાતિજનો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન માનંદમંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર)એ કર્યું હતું. સંચાલન દરમ્યાન શિક્ષણ માટે આપણી પોતાની અત્યાધુનીક શિક્ષણ સંસ્થા શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગ્રહનો ભણતર અને ગણતર માટે જરૂરથી વિશેષ લાભ લેવોજ જોઇએ, બાળકોને જરૂરથી મોકલવા જોઇએ. એવીજ રીતે જ્ઞાતિની આપણી પોતાની મેડીકલ સંસ્થા શેઠશ્રી નરશી નાથા મેડકીલ ટ્રસ્ટ-મુંબઈ મેડીક્લેમ પોલીસી નજીવા દરે આપે છે એનો લાભ લેવો જોઇએ.

આભારવિધી મંડળના ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા)એ કરી હતી. શ્રી પ્રિન્સ વિનીત ધરમશી (કોઠારા), શ્રી વિનોદ હિરાંચદ લોડાયા (વારાપધર), કુ. ક્રેયા સંજય નાગડા (રાપર)ને કુ. બીના નીલેશ મૈશેરી (વારાપધર)નો તથા સર્વે સભ્યોનો વિશેષ સહયોગ રહ્યો હતો. શૈક્ષણિક સમિતીના ચેરમેન શ્રી સંજય મણીલાલ નાગડા (રાપર)ને શ્રી કલ્પેશ ખુશાલ ધરમશી (કોઠારા)એ સુંદર વ્યવસ્થા કરી હતી.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ડોંબિવલીની બહેનો માટે નિઃશુલ્ક મહેંદી તાલીમ વર્ગ ૨-૪-૨૦૧૮ થી ૯-૬-૨૦૧૮ દરમ્યાન પરિપૂર્ણ થયા.

મહેંદી નિષ્ણાત ડોંબિવલીના શ્રીમતી દર્શના ઉદિત ધરમશીએ નિસ્વાર્થપણે સેવા આપી ૯ બહેનોને તાલીમ આપેલ. ૯-૬-૨૦૧૮ના તાલીમ વર્ગ પુર્ણતાએ દર્શનાબેનનું મુંબઇ મહાજનના માનદમંત્રી રમેશ લોડાયા, સમૂહલગ્નના કન્વીનર-વ્યવસ્થાપક સમિતિના સભ્ય દક્ષાબેન મોતા તેમજ સંનિષ્ઠ કાર્યકર જસ્મીન સાયલાએ બહુમાન કરેલ.

## પાસ થયા અભિનંદન



**તીર્થ રાજેન્દ્ર પોલડીયા**
બાયઠ - જલગામ
SSCમાં **78.20%**



**કરણ રાજેશ ખોના**
SSCમાં **78.20%**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૪-૧૮ | અમદાવાદ | વિહાન, જીગ્ના રાકેશ વાલજી છેડા | જસાપર | પુત્ર |
| ૦૭-૦૫-૧૮ | ધાવણગીરી | ખુશ, મેહા દિપક ભૂપેન્દ્ર જૈન | નલિયા | પુત્ર |
| ૧૭-૦૫-૧૮ | પનવેલ | વિધી, ઈલમ પરેશ હિરાચંદ ગોવિંદજી નાગડા | નલિયા | પુત્રી |
| ૨૨-૦૫-૧૮ | ડોમ્બીવલી | મિવાન, તેજલ નીરવ નવીન રાયશી મૈશેરી | બાંઢિયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૬-૧૮ | વાપી | કેવલ કિશોર ઉમરશી નાગડા | નલિયા | ૨૬ |
| | અમદાવાદ | જલ્પા દિલીપ મેઘજી મોમાયા | વરાડિયા | ૨૫ |
| ૧૫-૦૬-૧૮ | ભાંડુપ | જીગર ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૮ |
| | બેંગલોર | અદિતી મુકેશ પ્રેમચંદ ડાઘા | વરાડિયા | ૨૬ |
| ૧૫-૦૬-૧૮ | ડોમ્બીવલી | દિપક પ્રવીણ પદમશી દંડ | વરાડિયા | ૨૮ |
| | ડોમ્બીવલી | બીના નિલેશ શિવજી મૈશેરી | વારાપધર | ૨૩ |
| ૧૫-૦૬-૧૮ | નીમચ | ભાવિલ દિપક નવીનચંદ મોતા | સુથરી | ૨૩ |
| | મુલુંડ | જીનલ પ્રફુલ આણંદજી મોતા | કોઠારા | ૨૨ |
| ૧૫-૦૬-૧૮ | પુણે | જીત તિલકચંદ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૭ |
| | નીમચ | આયુષી તુષાર જયચંદ લાલકા | પરજાઉ | ૨૩ |
| ૧૫-૦૬-૧૮ | ડોમ્બીવલી | આદિત્ય જીતેન્દ્ર હંસરાજ લોડાયા | વરાડિયા | ૨૮ |
| | ભાંડુપ | હિરલ મણીલાલ પદમશી ખોના | સાંધવ | ૨૮ |
| ૧૫-૦૬-૧૮ | બીલીમોરા | હરેશ હિરેન દામજી વિકમશી | રાણપર | ૨૫ |
| | વડોદરા | જલ્પા કનકસેન નારાણજી નાગડા | નલિયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૬-૧૮ | ડોમ્બીવલી | ચિંતન મુકેશ ભવાનજી શાહ | મોટી સિંધોડી | ૨૬ |
| | ડોમ્બીવલી | કિંજલ ખુશાલ લાલજી સંગોઈ | ગુંદાલા | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૪-૧૮ | લોકાપુર | દિપક નાગરાજ મણીલાલ લોડાયા | સાંધવ | ૨૬ |
| | વાપી | રિધ્ધી પ્રદીપ વેરશી સાયલા | તેરા | ૨૩ |
| ૧૦-૦૫-૧૮ | ભાંડુપ | ભાવેશ જીતેન્દ્રકુમાર ટોકરશી લોડાયા | રવા | ૨૭ |
| | ભાંડુપ | મિતલ પ્રફુલ લખમશી મોમાયા | વરાડિયા | ૨૮ |
| ૧૧-૦૫-૧૮ | ડોમ્બીવલી | અર્જુન મુકેશ જાધવજી ધરમશી | નલિયા | ૨૫ |
| | મુલુંડ | અવની અતુલ મેઘજી છેડા | નલિયા | ૨૧ |
| ૧૨-૦૫-૧૮ | વડોદરા | પાર્થ લીલમ કુંવરજી લાલકા | લાલા | ૨૫ |
| | ચેન્નઈ | લોકાંશી લેનિન કુમારપાલ લોડાયા | કોઠારા | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૬-૧૮ | ધાવણગીરી | હિરબાઈ રાયચંદ લાલકા | વારાપધર | ૭૮ |
| ૧૨-૦૬-૧૮ | મુલુંડ | માણેકજી રૂપસી લોડાયા | મોટી ખાવડી | ૭૯ |
| ૧૨-૦૬-૧૮ | મલાડ | પિયુષ મણીલાલ છેડા | નાંગલપુર | ૫૧ |
| ૧૩-૦૬-૧૮ | ગદગ | જીતેન્દ્ર મોરારજી લોડાયા (પટેલ) | બાંઢિયા | ૫૪ |
| ૧૪-૦૬-૧૮ | ઘાટકોપર | દિવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા | જખૌ | ૭૧ |

### કચ્છી કસબ - ૧૨૩ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) કેડાંક (૩) જંધર (૫) વેસધ (૭) માફો (૮) મેનો
(૯) કીલ (૧૧) ખાર (૧૩) કાકુ (૧૪) જેડલ (૧૬) ખેડધળો
(૧૯) ભેણીયા (૨૦) મેંજ્જોમેંજ (૨૨) ખેજ (૨૩) ધ્રેજ
(૨૬) પોગો (૨૭) ઇં (૨૮) અરુખડી (૩૨) રોગો (૩૩) ધરી
(૩૪) આજાર (૩૫) ખોરો (૩૬) તાય (૩૭) ચારા

ઊભી ચાવીઓ -
(૧) કેતરા (૨) કમાડ (૪) ધળકી (૫) વેનો (૬) ધરાર
(૧૦) લજેં (૧૨) મેડ (૧૩) કાળો (૧૫) લભે (૧૬) ખેરખેરી
(૧૭) ધખ (૧૮) જેજ્જો (૨૦) મેંજ (૨૧) મેયું (૨૩) ધ્રેગો
(૨૪) ચર (૨૫) મેડી (૨૮) અગોતરા (૨૯) ખણખોધ
(૩૦) કારી (૩૧) મુંજા (૩૩) ધવા (૩૪) આય

## ગોલ્ડન શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| માતુશ્રી ભચ્ચીબાઈ શામજી કુરૂવા પરિવાર | ગોધરા | કોચીન |
| મે. રજત લોજીસ્ટીક | - | ગાંધીધામ |
| એક સદ્‌ગૃહસ્થ | - | - |

## રજત શૈક્ષણિક દાતાશ્રી

| | | |
|---|---|---|
| શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા | લાખણીયા | વડાલા |
| મે. આદિનાથ રોડવેઝ (હસ્તે : શ્રીમતી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર) | નાની સિંધોડી | ઘાટકોપર |
| શ્રી ટોકરશી આણંદજી લાલકા પરિવાર | લાલા | વાશી |
| શ્રીમતી બેલા મયુર ધુલ્લા - શ્રીમતી મીના ચિમન મોતા (શિખરજી કૉન્ટીનેટલ) | વારાપધર | મુલુંડ |
| મે. વિક્રોલી ઑટોમોબાઇલ (હસ્તે : શ્રી પંકજ ખોના) | જખૌ | મુલુંડ |
| શ્રીમતી પ્રમીલાબેન ઠાકરશી ગોસર | બાયઠ | ઘાટકોપર |
| શ્રી લખ-લક્ષ્મી લુઠીયા (હસ્તે : અમન નીરવ લુઠીયા) | રાયધણજર | ચેમ્બુર |
| શ્રીમતી માનસી યમીશ લલિત ધરમશી | સુથરી | બોરીવલી |
| માતુશ્રી રતનબાઈ નરશી મોમાયા | બારોઇ | મુલુંડ |
| મે. નરેન્દ્ર એસ. શાહ એન્ડ એસોસીએટ (હસ્તે : શ્રી નરેન્દ્ર દંડ) | તેરા | મુલુંડ |
| આણંદ પરિવાર (હસ્તે માતુશ્રી નવલબેન બાબુભાઈ દંડ) | તેરા | ભાંડુપ |
| શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા (મે. આઇડલ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન) | વરાડીયા | મસ્જિદ બંદર |
| મે. પી.પી. ઑઇલ પ્રા. લી. (હસ્તે : શ્રી પ્રતાપ ધરમશી) | કોઠારા | મુલુંડ |
| શ્રી નિશિથ આણંદ દંડ (આણંદ પરિવાર) | તેરા | વડોદરા |
| શ્રી હેમંત ગુલાબચંદ મોમાયા | વરાડીયા | મુલુંડ |
| શ્રીમતી કિંજલ જય હરીશ ડાઘા | વરાડીયા | ભાંડુપ |
| સ્વ. કુ. ક્રિયા દર્શન દીપક ડાઘા | વરાડીયા | મુલુંડ |
| માસ્ટર મહોર એન્ડ કુ. મુદ્રા રૂપેશ નાગડા | નલીયા | વડાલા |
| માતુશ્રી તારાબેન નવિનચંદ્ર છેડા (હસ્તે : જયેશ એન. છેડા) | વારાપધર | ભાંડુપ |
| માતુશ્રી નિર્મળાબેન વિરચંદ છેડા | સુજાપર | રાયપુર |
| મે. માનવજયોત (હસ્તે : શ્રી કુલીનકાંત લુઠીયા) | રાયધણજર | મુલુંડ |
| શ્રી પ્રદીપ પાસુભાઈ લોડાયા (મે. આર્યાલેક કેમિકલ્સ) | નાની ખાવડી | માટુંગા |
| માતુશ્રી પદમાબેન અશોક ભેદા (હસ્તે : શ્રી નયન અશોક ભેદા) | વારાપધર | મુલુંડ |
| માતુશ્રી પ્રેમિલાબેન મેઘજી પદમશી મોતા | વારાપધર | મુલુંડ |
| મે. ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ | રાયધણજર | મુંબઈ/વડોદરા |
| મે. વિકેતા ઇલેક્ટ્રોનિક્સ | લાલા | અંકલેશ્વર |
| શ્રી બિપિનભાઈ એમ. મહેશ્વરી | જખૌ | તિલક નગર |
| મે. ડીઆરએલ લૉજીસ્ટીક પ્રા. લી. (હસ્તે : ખુશાલચંદ ધનજી ધરમશી) | સુથરી | બેંગ્લોર |
| માતુશ્રી ઝવેરીબાઈ ગોંવિદજી નેણશી કાયાણી | જખૌ | મુલુંડ |
| શ્રીમતી કલ્પનાબેન શાંતિલાલ ધરમશી (હસ્તે : સ્મિત, હેતવી, જશ, હર્ષ, વીર, નીલ) | પરજાઉ | ઘાટકોપર |
| માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર | સાંયરા/કોટડી મહા. | ડોંબિવલી |
| માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (હસ્તે : વિજયભાઈ) | સાંયરા | માટુંગા |
| માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ નાગડા | રંગપુર | મુલુંડ |
| માતુશ્રી રમીલાબેન શિવજી લોડાયા | કોઠારા | મુલુંડ |
| માતુશ્રી કાંતાબેન ગુલાબચંદ ધરમશી પરિવાર | સુથરી | મુલુંડ |
| માતુશ્રી તારાબેન કુંવરજી ખિમજી દંડ (હસ્તે : સ્તુતિ, પલક, શ્રીમતી કલ્પના મનોજ દંડ, શ્રીમતી ઉન્નતી જીનેશ ધુલ્લા | સેવક ભરૂડીયા | મુલુંડ |
| શ્રીમતી કાશ્મીરાબેન અનિલ શિયાલ | જખૌ | ઘાટકોપર |
| શ્રી ખુશાલ તલકચંદ નાગડા | નલિયા | મુલુંડ |
| માતુશ્રી જયાબેન વિશનજી હિરજી લોડાયા પરિવાર | મોટી ખાવડી | મુલુંડ |
| શ્રીમતી મનોરમા તિલકચંદ લોડાયા | સાંયરા | ચેન્નઈ |
| માતુશ્રી મણીબાઈ કુંવરજી ખીમજી મોતા | સાંધવ | ડોંબિવલી |
| એડ. કુ. પાયલ ભરત ખોના | સુથરી | નવી મુંબઈ |
| માતુશ્રી સુશીલાબેન ઝવેરચંદ વિશનજી ધરમશી | મંજલ રેલડીયા | અંધેરી |
| શ્રી ઉર્મિલકુમાર રતિલાલ મોમાયા | જખૌ | વડાલા |
| માતુશ્રી ધનલક્ષ્મીબેન ખેતશી દામજી દૌલત પરિવાર | સુથરી | ડોંબિવલી |
| માતુશ્રી નવલબાઈ સોમચંદ મુનવર પરિવાર | જખૌ | બેલ્લારી |
| માતુશ્રી સારબાઈ હીરજી ખોના | સાંયરા | વડોદરા |
| મે. એડ લૉન્ડ્રી કૉન્સેપ્ટ પ્રા. લી. | - | - |
| એક સદ્‌ગૃહસ્થ | - | ચેમ્બુર |
| એક સદ્‌ગૃહસ્થ | - | ઇંદોર |

Email us : shreekdovs@gmail.com | Follow Us on Social Media | / Shreekdovs

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (18-06-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# અંતરના હાર્દિક અભિનંદન

લોડાયા પરિવારનું ગૌરવ ગામ : તેરા, કચ્છ – હાલે (મુલુંડ)

## કુ. ખ્યાતિ ઉમેશ ચાંપશી લોડાયા



CBSE - 10th
96%
Without Tuitions

ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણના શિખરો સર કરી
ઉજ્જવળ કારકીર્દિના પંથે અગ્રેસર થાઓ એ જ શુભકામના

શુભેચ્છક :
મોટામમ્મી-પપ્પા - રશ્મિ પ્રતાપ ચાંપશી લોડાયા
ભાભી-ભાઈ - અમી અલ્કેશ પ્રતાપ લોડાયા
મોટામમ્મી-પપ્પા - રિના વીરેન્દ્ર ચાંપશી લોડાયા
ભાભી-ભાઈ - જાનકી જય વીરેન્દ્ર લોડાયા
ફોઈ - જ્યોત્સના હિરાચંદ છેડા
મામા-મામી - હિના ચંદ્રેશ ડાઘા
ભાઈ-બહેન - ખુશ્બુ અમિત શાહ
હિનલ, રોનક, હર્ષિતા, ધ્વનિ, હાર્દિક

અ.સૌ. જીજ્ઞા (ગાયત્રી)
ઉમેશ ચાંપશી લોડાયાનું ગૌરવ

શુભેચ્છક – પ્રતાપ હિરજી ધુલ્લા પરિવાર (ચેતક કેટરર્સ)

# PRIDE OF LODAYA & BHEDA FAMILY



**Mast. SIDHANT CHETAN LODAYA**
Native : Varapadhar, Resides at Bhandup

He had scored **92%** in H.S.C. and 100/100 in B.K./Accounts from N.M. College, VileParle

*We all are proud of his Achievement and Wishing him Bright Future.*

NEETA CHETAN LODAYA
VIJAY LAHERCHAND LODAYA
HIRAVANTI LAXMICHAND BHEDA

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,